વર્ષ : ૧૮, અંક : ૦૮, સળંગ અંક : ૨૧૨ જૂન - ૨૦૧૧

સતપંથ પ્રકાશ





શ્રી નિષ્કલંકી નારાયણ મહાપ્રભુજી અને
સદ્ગુરુશ્રી ઈમામશાહ મહારાજની અસીમ કૃપાથી,
પ.પૂ. આદ્ય જગદ્ગુરુ શ્રી કરસનદાસજી મહારાજની પ્રેરણાથી
પ.પૂ. જગદ્ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી

શ્રી સતપંથ બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિર અંક

પ્રેરણાપીઠ - પીરાણા (તા. ૨૫-૪-૨૦૧૧ થી તા. ૫-૫-૨૦૧૧)



શ્રી સતપંથ બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિર પ્રસંગે "દીપ પ્રાગટ્ય" કરી રહેલ
પ.પૂ. જગદ્ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ, શિબિર પ્રેણતા પ.પૂ. સંતશ્રી શામજીદાદા,
પ.પૂ. મહંતશ્રી શામળદાસજી મહારાજ, પ.પૂ. મહંતશ્રી પુરુષોત્તમદાસજી મહારાજ,
પ.પૂ. મહંત શ્રી રવિદાસજી મહારાજ, ટ્રસ્ટીશ્રી ભીમજીબાપા, ટ્રસ્ટીશ્રી દેવરામબાપા
(તા. ૨૫-૪-૨૦૧૧)

મૂલ્ય : ૭/- રૂ.

See Page 39 of 80 for photos

વર્ષ : ૧૮, અંક : ૦૮, સળંગ અંક : ૨૧૨ જૂન - ૨૦૧૧

સતપંથ પ્રકાશ





શ્રી નિષ્કલંકી નારાયણ મહાપ્રભુજી અને
સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજની અસીમ કૃપાથી,
પ.પૂ. આદ્ય જગદ્‌ગુરુ શ્રી કરસનદાસજી મહારાજની પ્રેરણાથી
પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી

શ્રી સતપંથ બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિર અંક

પ્રેરણાપીઠ - પીરાણા (તા. ૨૫-૪-૨૦૧૧ થી તા. ૫-૫-૨૦૧૧)




શ્રી સતપંથ બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિર પ્રસંગે "દીપ પ્રાગટ્ય" કરી રહેલ
પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ, શિબિર પ્રેણતા પ.પૂ. સંતશ્રી શામજીદાદા,
પ.પૂ. મહંતશ્રી શામળદાસજી મહારાજ, પ.પૂ. મહંતશ્રી પુરુષોત્તમદાસજી મહારાજ,
પ.પૂ. મહંત શ્રી રવિદાસજી મહારાજ, ટ્રસ્ટીશ્રી ભીમજીબાપા, ટ્રસ્ટીશ્રી દેવરામબાપા
(તા. ૨૫-૪-૨૦૧૧)

મૂલ્ય : ૭/- રૂ.

શ્રીમદ્ દશાવતાર કથા


શ્રી નિષ્કલંકીધામ- કાઠેમળા, મહાલક્ષ્મીનગર (પંચવટી) - નાશિક

(તા. ૧૩-૪-૨૦૧૧ થી તા. ૧૯-૪-૨૦૧૧)



ઉપરોક્ત પ્રસંગે ભવ્ય પોથીયાત્રા - શોભાયાત્રા તેમજ આ પ્રસંગે દીપ પ્રાગટ્ય કરી રહેલ પ.પૂ. મહંતશ્રી જનાર્દનજી મહારાજ તથા અન્ય મહાનુભાવો



ઉપરોક્ત પ્રસંગે પ.પૂ. જનાર્દનજી મહારાજ વ્યાસપીઠ પરથી શ્રોતાઓને શ્રીમદ્ દશાવતાર કથાનું રસપાન કરાવી રહેલ છે.



ઉપરોક્ત પ્રસંગે સદ્ગુરુશ્રી ઈમામશાહ મહારાજ તથા હાજરવીર મહારાજ



ઉપરોક્ત પ્રસંગે દશમા અવતાર સ્વરૂપે શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન




ઉપરોક્ત પ્રસંગે ધર્મકથા સભામંડપમાં બિરાજમાન ભાવિક હરિભક્તો

RNI No. GUJ-2006-11664 Postal Regd. No. Guj-GNR-238

સતપંથ પ્રકાશ — જૂન - ૨૦૧૧

વર્ષ : ૧૮, અંક : ૦૮, સળંગ અંક : ૨૧૨

સંપાદક

શ્રી શામજીભાઈ કે. પટેલ

સતપંથ પ્રકાશ - લવાજમ દર

		ભારતમાં		વિદેશમાં
વાર્ષિક	:	૮૦=૦૦	:	૭૦૦=૦૦
ત્રિવાર્ષિક	:	૨૨૦=૦૦	:	૧૮૦૦=૦૦
આજીવન	:	૭૫૦=૦૦	:	૪૦૦૦=૦૦
અમર	:	૧૫૦૦=૦૦	:	૭૦૦૦=૦૦

પ્રકાશક

સતપંથ પ્રકાશન સમિતિ

પ્રેરણાપીઠ પીરાણા, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ - ૩૮૨૪૨૫.

ફોનઃ(૦૨૭૧૮) ૨૮૮૨૨૭,૨૮૮૨૨૯,૨૮૮૮૧૨ ફેક્સ : ૦૨૭૧૮-૨૮૮૮૭૨

E-mail : kutchkadavasssamajtrust@yahoo.in
(Contact : Mob. No. 9427701112)

Website :	E-mail :
www.satpanth.org	info@satpanth.org
www.satpanthprakashan.org	info@satpanthprakashan.org
www.nishklankinarayan.com	info@nishklankinarayan.com

કુરીયર્સ : દ્વિજેશ પટેલ - મો. ૯૯૭૪૬૬૪૨૪૪

સત્યમ ઓટો કન્સલટન્ટ

૧-એ, જયવિજય સોસાયટી, ઓ.-પલીયડનગર ગાર્ડન, પલીયડ નગર સોસાયટીની નજીક, નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ C/o. સતપંથ પ્રકાશન સમિતિ, પ્રેરણાપીઠ પીરાણા

મુદ્રક : સ્મૃતિ ઓફસેટ : જી/૧૨, ન્યુ માધુપુરા માર્કેટ, પોલીસ કમિશ્નરની ઓફિસ સામે, શાહીબાગ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૫૬૨૪૩૯૦

સંપાદકીય.....

પ્રેરણા

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય વિજયેતેતરામ ॥

જો મનુષ્ય સંતાનને જન્મ આપે છે તો તે તેનાં પાલનપોષણ, શિક્ષણ-દીક્ષા, લગ્ન અને કમાવવાની વ્યવસ્થા કરવાની જવાબદારી સ્વાભાવિક રીતે તેની જ બને છે. મનુષ્ય માટે એ યોગ્ય છે કે બાળપણ અને કિશોરાવસ્થામાં બાળકોનાં ભરણપોષણની, ભોજન-વસ્ત્રોની, શિક્ષણ અને આરોગ્યની વ્યવસ્થા કરે અને તેમને શારીરિક અને માનસિક દૃષ્ટિએ ભાવી જીવનમાં સ્વાવલંબી થઈ શકે તે માટે પગભર બનાવે. સંતાનો માટે પૌષ્ટિક આહાર, યોગ્ય શિક્ષણ, સરળ સ્વસ્થ મનોરંજન તથા યોગ્ય મિત્રો પૂરા પાડવાની જવાબદારી તેમનાં માતા-પિતા અને વડીલોની છે. તેમનાં ગુણ, કર્મ, સ્વભાવને સુસંસ્કૃત બનાવવા માટે એવું વાતાવરણ અને માધ્યમો પૂરાં પાડવામાં આવે કે જેથી તેમને સભ્ય, સુસંસ્કારી અને સજ્જન બનવાની દિશા મળી જાય. લાડ પ્રેમના આવેગમાં જો બાળકોને આળસુ, વિલાસી, સ્વાદીયા, અહંકારી, ઉદ્દંડ અને દુર્ગુણી બનાવશો તો એમ કહેવાશે કે અહિતકર અને બિનજરૂરી લાડ બતાવીને તેઓએ બાળકોની સાથે અન્યાય જ કર્યો છે.

બાળકના જન્મ પછી માતા-પિતાની અને ઘરની સમગ્ર પરિસ્થિતિઓ એવી રાખવી જોઈએ કે જેમાં અસ્વચ્છતા, મનની મલિનતા, ઉદ્દંડતા અને અનૈતિકતા માટે કોઈ શક્યતા ન હોય. બધા લોકો એ વાત ધ્યાનમાં રાખે કે ખૂબ જ કુશળ અને સંવેદનશીલ ગુપ્તચરની માફક આ નવજાત બાળક આપણાં વર્તન અને વ્યવહારને સતત અવલોકતું

અનુસંધાન પાન...૨ ઉપર...



પ્રાર્થના

હે પરમકૃપાળુ પરમાત્મા ! હે નિષ્કલંકી નારાયણ ! આધિ, વ્યાધિ અને ઉપાધિઓથી ઉભરાતા આ સંસારમાં હું તો ચારે બાજુના દુ:ખોથી ઘેરાઈ ગયો છું. ઘડીકમાં ધંધાનો પ્રશ્ન ! ઘડીકમાં કુટુંબનો પ્રશ્ન ! તો ઘડીકમાં શરીરનો પ્રશ્ન ! મન થાય છે કે આ બધાં દુ:ખોનો ક્ષય નથી થતો ત્યારે તમને પ્રાર્થના કરૂં છું કે આ પ્રાર્થનાના પ્રભાવે મારા દુ:ખનો ક્ષય થાય અને સાથે સાથે દુ:ખોને પેદા કરનારાં કર્મોનો પણ ક્ષય થઈ જાય.

હે નિષ્કલંકી મહાપ્રભુજી ! મને પૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ છે કે તમને ભજવાથી મારાં દુ:ખો અને કર્મોનો નાશ થશે જ.

●●●

પાન... ૧નું...

રહે છે અને ઘણું બધું શીખે છે. એ સમયગાળામાં જે કંઈ તેને શીખવવામાં આવશે તેના જ આધાર પર તેનો સ્વભાવ બનશે અને મોટો થતાં તેનું ભવિષ્ય તેને અનુરૂપ બનશે. આ હીકીકતને સમજનારા લોકોનું આ એક અનિવાર્ય કર્તવ્ય બને છે કે પોતાના દુર્ગુણો પર નિયંત્રણ રાખે અને ઘરમાં સજ્જનતાની સૌમ્ય પરિસ્થિતિઓ સર્જે અને તેના માટે જે કંઈ ત્યાગ કરવો પડે તેને માટે રાજીખુશીથી તૈયાર રહે. માતાપિતાએ પરસ્પર લડાઈ ઝઘડા ન કરવા જોઈએ, અને કામક્રીડા પર વધુને વધુ નિયંત્રણ રાખવું જોઈએ, કે જેથી બાળકોનું કસમયે જ બગડવાનું દુષ્પરિણામ જોવા ન મળે.

બાળકોનું શિક્ષણ ઉપદેશ પર નહીં પરંતુ અનુકરણ પર નિર્ભર છે. તેમનું કુમળું મગજ લાંબા પહોળા ઉપદેશ કે કઠોર સૂચનોને સમજવામાં અસમર્થ હોય છે, પરંતુ જે કંઈ બની રહ્યું હોય છે તેને સમજવામાં અને અપનાવવામાં તેનું અંત:કરણ પૂર્ણ રીતે સમર્થ હોય છે. આથી તેઓને જે કંઈ શીખવવું હોય તેનું પ્રત્યક્ષ રૂપ તેમની સામે રજૂ કરવું જોઈએ. પહેલાના જેવી ગુરુકુળ પ્રથા તો હવે રહી નથી. આજકાલ સ્કૂલ-કોલેજોમાં અને શેરીઓમાં પણ ચારિત્ર્ય અને સંસ્કારોનું કોઈ વાતાવરણ નથી. ચારે તરફથી કુવિચારો અને કુસંસ્કારો જ બાળકોને મળે છે. આવી સ્થિતિમાં એ જરૂરી ગણાય છે કે ઘરનું વાતાવરણ ઘણું જ સ્વચ્છ, શાંતિદાયક, સદાચારી અને સજ્જનતાપૂર્ણ હોય, જેથી બાળકોને સદ્ગુણો ગ્રહણ કરવાની પ્રેરણા મળે.

સંપાદક : શ્રી શામજીભાઈ કે. પટેલ

●●●

ગર્ભ સંસ્કાર

પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજના સત્સંગ પ્રવચનમાંથી

ગર્ભ સંસ્કાર શું છે ? તે કોઈ પૂજાવિધિ છે ? કોઈ ધાર્મિક ક્રિયાકાંડ છે ? ના, ગર્ભ સંસ્કાર એ તો ઉત્તમ સમાજ નિર્માણની ઉત્તમ મનુષ્યોના સર્જનની ચાવી છે.

સંસ્કાર તેને કહે છે જે કરવાથી કોઈ પદાર્થ કોઈ કાર્ય માટે યોગ્ય બની જાય. ધરતીમાં પાકતું અનાજ આપણે સીધુ ગ્રહણ કરી શકતા નથી. તેને સ્વચ્છ કરવું પડે, ખાંડવું પડે, દળવું પડે, બાફવું પડે. આ બધા સંસ્કાર છે. પછી તે ભોજન માટે યોગ્ય બને છે. સંસ્કારથી પદાર્થના ગુણ બદલાઈ જાયછે. અનિચ્છનીય ગુણોના સ્થાને સારા ગુણો આવે છે.

એક લૂંટારો હતો. લોકોને મારવાનું અને લૂંટવાનું તેનું કામ હતું. એક દિવસ એક સાધુ તેને મળ્યા અને તેને સમજાવ્યો, કે તું આ કામ કરે છે તે ખોટું છે તે છોડી દે. લૂંટારો કહે; હું બીજું શું કામ કરું? મને કોઈ કામ આવડતું નથી. સાધુએ કહ્યું; હું જે મંદિરમાં પૂજા કરું છું, તે મંદિરના રક્ષણ કરવાની જવાબદારી તું સંભાળી લે.

લૂંટારાએ આ નવી જવાબદારી સ્વીકારી લીધી. એક દિવસ મંદિર લૂંટવા માટે ચોર ડાકુઓ આવ્યા. લૂંટારો જે રક્ષક બની ગયો હતો તેણે તેમનો જબરદસ્ત સામનો કર્યો અને તે ચોર ડાકુઓને ભગાડી મૂક્યા.

લૂંટારાની શક્તિ જે પહેલાં લોકોને લૂંટવામાં વપરાતી હતી, તે જ શક્તિ તેને મંદિરનું રક્ષણ કરવામાં ઉપયોગી બની. જે તાકાત અને બાહુબળના જોરે તે લોકોને મારતો હતો તે તાકાત વડે તેણે ચોરડાકુઓને ભગાડ્યા. શક્તિ તેની તે જ હતી. પણ તેનો ગુણ બદલાઈ ગયો હતો. આ ગુણ બદલવાનું કાર્ય સાધુએ આપેલા સંસ્કારથી થયું હતું.

જે રીતે અનાજને સાફ કરી, પાણીને શુધ્ધ કરી તેમ કોઈપણ પદાર્થને પરિવર્તન કરી ઉપયોગમાં લેવામાં આવે તેને સંસ્કાર આપ્યા કહેવાય. તે રીતે માનવીને પણ સંસ્કાર આપી શકાય અને તેની શરૂઆત ગર્ભમાંથી કે તેથી પણ પહેલાં પતિ-પત્નીના મિલનથી થાય છે.

ઉત્તમ સંતાન માટે પહેલાં તો પતિ-પત્નીએ સંસ્કાર પ્રાપ્ત કરવાના રહે છે અને તે પછી ગર્ભાધાન ક્ષણે અને ગર્ભાવસ્થા દરમયાન બાળકને સંસ્કાર આપવાના રહે છે. પતિ-પત્ની પોતાના મન, શરીર અને બુધ્ધિમાં રહેલા દોષો દૂર કરે, તેમાં રહેલી ખામીઓ અને ઉણપોને દુર કરી સ્વચ્છ મન, સ્વસ્થ શરીર અને કુશાગ્ર બુધ્ધિની પ્રાપ્તિ કરે તે સંસ્કાર છે.

આ રીતે સંસ્કારિત થવા માટે પતિ પત્નીએ તપશ્ચર્યા કરવી પડે છે અને આ તપશ્ચર્યા બાદ પતિ પત્ની સમાગમ કરે અને ગર્ભાધાન થાય તો તે બાળકમાં જન્મજાત દૈવી સદ્‌ગુણો ઉતરી આવે છે. મન, શરીર, બુધ્ધિ, પ્રાણ, ચિત્ત અને આત્માની જે વ્યક્તિ શુધ્ધિ કરે છે તે જ સંસ્કાર છે. આ સંસ્કાર પહેલાં પતિ પત્ની પાસે અને તેમના દ્વારા બાળકમાં તે ઉતરી આવે તો શ્રેષ્ઠ સંતાનની પ્રાપ્તિ થાય છે.

આથી આપણા શાસ્ત્રોમાં **ગર્ભાધાન સંસ્કારને સોળ સંસ્કારો પૈકીનો પહેલો સંસ્કાર** માનવામાં આવે છે. ગર્ભ સ્થાપનાની પૂર્વ તૈયારીના

સ્વરૂપે પતિ-પત્ની બંનેએ પહેલેથી જ પોતાના દોષ-દુર્ગુણોને સુધારી લઈને આચરણ, વ્યવહાર અને વાતચીતની બધી પ્રવૃત્તિઓ સુધારી લેવી જોઈએ. સંતાનરૂપી બાગના નિર્માણમાં પિતાનું બીજ અને માતાની જમીન બંનેનું એક સરખું જ મહત્ત્વ છે. ભવિષ્યમાં થનાર બાળકોના જન્મનો મૂળ આધાર અહીંથી શરૂ થાય છે. આ માટે અષ્ટાવક્ર, પ્રહ્લાદ, અભિમન્યુ વગેરેનાં ઉદાહરણો પ્રચલિત છે અને એમને ગર્ભમાં જ સંસ્કારો ગ્રહણ કર્યા હતા. તેના માટે આપણે પ્રહ્લાદનું દૃષ્ટાંત જોઈએ.

સૃષ્ટિના પ્રારંભમાં જ ભગવાન શ્રી હરિએ પાણીમાં ડુબેલી પૃથ્વીનો ઉધ્ધાર કરતી વખતે મહા વરાહ સ્વરૂપ ધારણ કરી હિરણ્યાક્ષનો વધ કર્યો. તેના ભાઈ હિરણ્યકશ્યપુને ખૂબ જ દુઃખ થયું. એણે પોતે તેના ભાઈનો બદલો લેવા માટે અમર બનવા માટે તપશ્ચર્યા કરવાનો નિર્ણય કર્યો. તપ થકી અજર અમર થઈ દેવોને હરાવી ત્રણે લોકનું રાજ્ય મેળવવું છે એવો તેણે નિશ્ચર્ય કર્યો. રાજ્યનો કારોબારો મંત્રીઓને સોંપી એ પોતાની પત્ની કયાધુને મળી વનમાં તપ કરવા ગયો.

ઘેરથી નીકળ્યા પછી હિરણ્યાકશ્યપુના મનમાં સતત આજ વિચાર આવતો હતો કે વિષ્ણુ ભગવાને મારા ભાઈનો વધ કર્યો છે. એનો બદલો કઈ રીતે લેવો. એ વાતનું ચિંતન કરવાથી અજાણતાં એની ચિત્તવૃત્તિમાં વૈરવૃત્તિ જાગૃત થતી. જંગલમાં એક ઘટાદાર વૃક્ષની છાયામાં તપ કસ્વા માટેનું સ્થળ પસંદ કર્યું. વૃક્ષની છાયામાં તપ કરવા બેઠો કે અચાનક એ જ ઝાડ પર એક પોપટ આવીને બેઠો. પોતાના મધુર કંઠથી તે 'નારાયણ, નારાયણ' એમ બોલવા લાગ્યો. આ સાંભળતાં જ હિરણ્યકશ્યપુને એકદમ ગુસ્સો આવ્યો, કે પોતાના શત્રુનું નામ લેનાર આ પોપટ છે કોણ? એમ કહી તે પોપટને ઉડાવવા લાગ્યો. પણ તોય એ પોપટનું સ્મરણ સતત ચાલુ જ રહ્યું. આખરે કંટાળીને હિરણ્યકશ્યપુ બોલ્યો, તપશ્ચર્યામાં આજે અપશુકન થયાં છે સતત નારાયણનું સ્મરણ કરનાર આ પોપટ આજે જ ક્યાંથી આવ્યો છે. આમ વિચારી તે પોતાના નગરમાં પાછો આવ્યો.

અચાનક મહેલમાં હિરણ્યકશ્યપુને પાછો આવેલો જોઈ રાણી કયાધુએ પુછ્યું : સ્વામી, કેમ આજે જ પાછા આવ્યા? ત્યારે તેને જંગલમાં ઘટેલી ઘટના રાણીને કહી સંભળાવી. કયાધુ સદ્‌વિચાર, સદાચાર, કર્તવ્ય પરાયણ અને ધર્મવૃત્તિની તેમજ ખુબ વિચારશીલ હોવાથી તેણે વિચાર્યું કે આ જ યોગ્ય સમય છે એમ જાણીને જાણતાં અજાણતાં હિરણ્યકશ્યપુ પાસેથી નારાયણના નામના ૧૦૮ વાર જાપ જપાવી દીધા. રાત્રે શયનમંદિરમાં કામક્રીડા કરતાં એ જ વાત હિરણ્યકશ્યપુ પાસે અજાણતાં સ્મરણ કરાવી પોતાના પતિને સંતુષ્ટ કર્યો. યુક્તિ પ્રયુક્તિએ સંજોગકાળમાં તેણે પોતે જ પોતાના પતિ સાથે નારાયણના સ્મરણમાં મગ્ન રહી તેથી તેના ગર્ભમાં એ યોગે અનાયાસે જ ભગવદ્‌ભક્ત જીવનો સંચાર થયો.

બીજા દિવસે હિરણ્યકશ્યપુ ફરીથી તપ કરવા નીકળી ગયો. ઘણો કાળ તેનો તપસ્યામાં વીતી ગયો. જ્યારે હિરણ્યકશ્યપુ વનમાં તપસ્યા કરતો હતો ત્યારે ઈંદ્રએ જાણ્યું કે દૈત્યનું રાજ્ય રાજા વગરનું છે. એણે દેવોનું સૈન્ય લઈ એના પર આક્રમણ કર્યું દેવતાથી પરાજિત થયેલા દૈત્યો વેરવિખેર થઈ પર્વતોમાં છુપાઈ ગયા તો કેટલાક શરણે આવ્યા.

હિરણ્યકશ્યપુની પત્ની કયાધુ આ સમયે ગર્ભવતી હતી. એના બધા સેવકો ઈંદ્રના ભયથી ભાગી ગયા હતા. આવા અસહાય સમયે ઈંદ્રએ કયાધુને બળપૂર્વક રથમાં બેસાડીને અમરાવતીના માર્ગ પ્રતિ પ્રયાણ કર્યું. સાધ્વી જેવી કયાધુ અત્યંત કરૂણ સ્વરથી વિલાપ કરતી હતી. આ કરૂણ વિલાપ નારદમુનિના કાને પડતાં જ કોમળ હૃદયના નારદમુનિ દ્રવિત થઈને ત્યાં આવ્યા. એમણે દેવેન્દ્રને કહ્યું : હે મહેન્દ્ર, તું દેવરાજ છે. પરસ્ત્રીનું હરણ કરવું તને શોભતું નથી.

દેવર્ષિને પ્રણામ કરી ઈંદ્રએ નમ્રતાથી કહ્યું: 'દેવર્ષિ; કયાધુના ગર્ભમાં દૈત્યેન્દ્રનું અતુલનીય તેજ છે. અમને એનો અત્યંત ભય છે. અમે તેને મારવા ઈચ્છીએ છીએ. ભૃણ હત્યાથી બચવા માટે અમે તેને અમરાવતી લઈ જઈએ છીએ. પુત્ર થયા પછી હું તેને છોડી દઈશ. ત્યાં તેને કોઈપણ કષ્ટ થશે નહીં. અને કોઈપણ તેનું અપમાન કરશે નહીં.'

નારદે કહ્યું : તમે જાણતા નથી, પણ એનો ગર્ભસ્થ બાળક દિવ્ય ચિરંજીવ છે. એનો વધ તમારી શક્તિ બહારની વાત છે. એનાથી દેવતાઓને કોઈપણ પ્રકારનો ભય નથી. એ તો તમારા કલ્યાણનું કારણ છે. દૈત્યરાણીના ગર્ભમાં ભગવાનનો પરમ ભક્ત છે.

આ સાંભળી ઈંદ્રએ આદરભાવથી કયાધુની પ્રદક્ષિણા કરી અને ત્રાસ આપ્યા બદલ ક્ષમા માગી અને તેને રથ પરથી નીચે ઉતારી અમરાવતી ચાલ્યો ગયો.

ત્યારે નારદમુનિએ કયાધુને કહ્યું : બાળા, તારૂ દૈત્યપુર તો નષ્ટ થયું છે હવે જ્યાં સુધી દૈત્યેન્દ્ર તપશ્ચર્યા પૂર્ણ કરીને પાછો ન આવે ત્યાં સુધી તું મારા આશ્રમમાં સુખપૂર્વક રહે. કયાધુએ દેવર્ષિની આજ્ઞા સ્વીકારીને એમની સાથે આશ્રમમાં ગઈ. અત્યંત શ્રધ્ધાથી કયાધુ આશ્રમમાં સેવા કરવા લાગી. એ રાજરાણી હોવા છતાં પણ તપસ્વીની થઈ. પોતાના હાથથી આશ્રમ વાળીને લીંપીને સ્વચ્છ કરતી, નદી પરથી પાણી લાવતી, દેવર્ષિના આદેશ અનુસાર ભક્તિભાવથી ભગવાનનું પૂજન કરતી, નામ જાપ કરતી, પોતાના પુત્રની મંગલ કામના માટે એ બધા પ્રકારે દેવર્ષિને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરતી, પવિત્ર આસન રાખી શયન કરતી, વલ્કલ વસ્ત્ર ધારણ કરતી, કઠણ વ્રતોનું પાલન કરતી અને કંદમૂળ વગેરેથી ઉદર નિર્વાહ કરતી. અનુકૂળ સમય મળતાં દેવર્ષિ નારદ તેને ભગવાનના દિવ્ય સ્વરૂપનું, અનંત ગુણોનું તેમજ અદ્‌ભુત મહાત્મયનું વર્ણન કરાવતા. ગર્ભસ્થ બાળકને ઉદ્દેશીને દેવર્ષિ યોગ, સાંખ્ય, ભક્તિ અને તત્ત્વજ્ઞાનના ગુઢ તત્ત્વોનો ઉપદેશ કરતા. સંસારની અસારતા બતાવીને વૈરાગ્યનું જ્ઞાન આપતા. આવા સાત્વિક વાતાવરણનો ગર્ભસ્થ શિશુ પર ખૂબ જ પ્રભાવ પડ્યો.

દૈત્ય પત્નીઓ સ્વૈચ્છીક પ્રસવ સમર્થ હોવાથી દેવોના ભયથી કયાધુએ પ્રસવ કર્યો નહીં. ઘણા સમય પછી દૈત્યરાજ હિરણ્યકશ્યપુ તપ કરીને પાછો આવ્યો ત્યારે નારદે તેને તેના પતિ પાસે પહોંચાડી. પછી સાધ્વી કયાધુના ગર્ભથી સમસ્ત દેવ દાનવોમાં વંદિત પરમ ભક્ત પ્રહલાદનો જન્મ થયો અને એ જ પ્રહલાદે કરોડો જીવાત્માનો ઉદ્ધાર કર્યો.

માતા એ જ પુત્રની ખરી ગુરુ હોય છે. ગર્ભસ્થ બાળક પર માતાનો સ્વભાવ, આચરણ અને વિચારોનો પ્રભાવ પડે છે. એ બાળકના સંપૂર્ણ જીવનના નિર્માણનો આધાર હોય છે. જો માતા ગર્ભકાળમાં સાત્વિક આહાર, ધાર્મિક જીવનચર્યા, યમ નિયમનું પાલન અને ભગવાનનું નામસ્મરણ કરતી હોય તો એ બાળક અવશ્ય ધાર્મિક, સંસ્કારી અને ભગવદ્‌ભક્ત થાય છે. તે બાળક પોતાના કુળનો ઉદ્ધાર કરે છે. સાથે સાથે જગતનો પણ ઉદ્ધાર કરે છે. આમ જગતમાં એક માતા જ એવી હોય છે કે સંપૂર્ણ રાષ્ટ્રનું, જગતનું કલ્યાણ કરવાનું સામર્થ્ય એનામાં હોય છે અને ગર્ભના એ સંસ્કાર થકી જ શક્ય છે.

બાળકને જન્મ આપવો તે વ્યક્તિગત રમત - આનંદનો વિષય નથી. એક નવા મનુષ્યનો જન્મ અને તેના વ્યક્તિત્વનું નિર્માણ કરવાની આ મહાન જવાબદારી છે. જો આપણે આ કર્તવ્યને ભૂલીશું તો કુટુંબને દુઃખી કરનારા તેમજ સમાજ અને રાષ્ટ્રમાં દુષ્પ્રવૃત્તિઓ વધારનારા આસુરી પ્રકૃતિના માણસોને જ ઉત્પન્ન કરીશું અને પોતાના પાપથી, આળસથી, બેદરકારીથી પોતાના અને બધાના માટે નરકનું સર્જન કરીશું.

આદર્શ બાળક

બાળકને આદર્શ બનાવવા માટે માતા-પિતાને પ્રશિક્ષણ આપીએ...

- ભીખુભાઈ પટેલ - પત્રકાર, જેતલપુર

ગુજરાત સહિત સમગ્ર ભારતમાં ચાલતી કે.જી. થી માંડીને ઉચ્ચ અભ્યાસક્રમો ચલાવતી શૈક્ષણિક સંસ્થાઓમાં કેન્દ્ર સ્થાને બાળક રહેલું છે. જો બાળકની બાદબાકી કરીએ તો શૈક્ષણિક સંસ્થાઓ શૂન્ય બની જાય છે. ગુજરાતના સંદર્ભે વાત કરીએ તો ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ એમ બે પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ ચાલી રહી છે. સમગ્ર ગુજરાતમાં અભ્યાસક્રમ એક હોવા છતાં મોટા તફાવત જણાઈ આવે છે. હાલમાં જુ.કે.જી. સિ.કે.જી. ધો. ૧ થી ૫ અને નવા ફરજીયાત શિક્ષણના કાયદા મુજબ ધો. ૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિક ત્યારબાદ ધો. ૯ થી ૧૨ના સળંગ એકમમાં માધ્યમિક - ઉચ્ચ માધ્યમિકનો સમાવેશ કરાયો છે. આ માળખા મુજબ લાખો બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે.

બાળક તેના માતા-પિતાની પ્રતિકૃતિ (ઝેરોક્ષ) સમાન છે. તેથી માતા-પિતા પોતાની જાતનો વિકાસ કરીને તેમના બાળકનો અદ્વિતિય વિકાસ સાધી શકે છે. સાચા અર્થમાં કહીએ તો માતાપિતા બાળક માટે આડકતરી રીતે એક શિક્ષકની ભૂમિકા ભજવે છે. ૨૪ કલાકમાં મોટો સમય બાળક માતાપિતા અને પરિવારના સભ્યો વચ્ચે રહે છે. સામાજિક વાતાવરણ અને પરિવાર પણ એક પ્રકારની શાળા છે. પુસ્તક સિવાયની નાનપણથી જ અનેકવિધ બાબતો બાળકો માતા-પિતા પાસેથી તેમજ ઘરના વાતાવરણમાંથી શીખી લે છે. ભૂતકાળમાં જ્યારે સંયુક્ત કુટુંબપ્રથા અમલમાં હતી ત્યારે બાળક માતાપિતા સિવાય દાદા-દાદી, કાકા-કાકી, ફોઈ-ભાઈ-બહેન વગેરેની આસપાસ રહેતો અને તેનો પ્રભાવ બાળકના વ્યક્તિવ ઉપર પડતો હતો. દરેક સામાજિક સંબંધોના કંઈક ને કંઈશ અંશ ધરાવતા બહુમુખી વ્યક્તિત્વના મૂળ રોપાતા. આજે સમય બદલાયો છે. અલગતાવાદી વિચારસરણીને લીધે સંયુક્ત કુટુંબ પ્રથા તૂટી રહી છે અને વિભક્ત કુટુંબ વ્યવસ્થા અમલમાં આવતાં જુના પાત્રો માતા-પિતા સિવાય બધા દૂર દૂર છે.

વિભક્ત કુટુંબને લીધે બાળક નખશીખ માતા-પિતાના જેવું વ્યક્તિત્વ ધારણ કરે છે અથવા તો ટી.વી. આક્રમણને લીધે સિરીયલો વાળાના પ્રભાવ જેવું બને છે. આદર્શ બાળકની વિચારધારાને મજબુત કરવા માટે ટી.વી. બંધ કરી દેવામાં આવે તેના વિકલ્પે બાળ સાહિત્ય, ધર્મના સંસ્કારો સાથે જોડીને વાંચન પ્રવૃત્તિમાં રસ પડે તેમ મક્કમપણે થાય તે જરૂરી છે. જેના પરિણામે સંસ્કારના અંશ આવે. સમાન ધ્રુવો વચ્ચે અપાકર્ષણ થાય તેવી ભૌતિકશાસ્ત્રની બાબતો આવા સમયે લાગુ પડતી જણાય છે. એક સરખા સ્વભાવના, દોષવાળા વચ્ચે ઘર્ષણ થયા કરે છે. આજ પ્રક્રિયા માતા-પિતા અને સંતાન વચ્ચેના નાના ઘર્ષણો પાછળ જવાબદાર બને છે. આ સમયમાં માતા-પિતાની નૈતિક જવાબદારી કેટલી વધી જાય છે. સંતાનોના વ્યક્તિત્વમાં મોટો ફાળો માતાનો હોય છે. પિતાનો પ્રભાવ ઓછો જણાય છે. કારણ ૨૪ કલાકનો મોટો ભાગ નોકરી ધંધાર્થે પિતા બહાર રહેતા હોય છે. પિતાનો વ્યવહાર માતા સાથે સન્માન જનક હશે તો જ સંતાન માતા-પિતાને તેમજ વડીલોને સન્માન આપતું થશે.

બાળક જ્યારે શાળાએ જતું થાય ત્યારે માતા-પિતાએ તેની દેખરેખ રાખવાની છે. તેને મુક્ત વાતાવરણમાં જ ઉછેરવાનું છે. તેની ઉપર કોઈ પણ

જાતનો બોજો નાખવાનો નથી. ઉપરાંત બાળકને ઉતાવળ કરી શાળામાં બેસાડી દેવાથી તેનું બાળપણ કુદરતી રીતે નિખાર પામતું નથી. તેના ઉપર સમયની પાબંદી આવી જાય છે. ખરેખર માતા-પિતા આદર્શ અને સુસંસ્કારી બાળકની ખેવના રાખતા હોય તો તેમણે પોતાના બાળકને ૧૦ વર્ષની ઉંમરે જ પ્રાથમિક શાળામાં મુકવું જોઈએ. આજે તો પ્લેગ્રુપ, નર્સરી, જુ. કે.જી. સિ.કે.જી. જેવા એકમો પૈસા કમાવવાની તરકીબો છે. આજે સરેરાશ પરિવારોમાં માતાઓ ધો. ૧૦ એસ.એસ.સી. અથવા ધો. ૧૨ એથી આગળ વધી સ્નાતક થયેલી છે. પોતાના બાળકને એક શિક્ષિકાની ભૂમિકા ભજવીને પ્રેમથી શીખવી શકે છે. આવું વાતાવરણ ઊભું થતાં બાળકનો માનસિક વિકાસ સારી રીતે કરી શકાશે.

પરંતુ આજે દેખાદેખી અને બાળકને વહેલું શાળાએ મુકી દેવાની તીવ્ર હરિફાઈ ચાલી રહી છે. પ્રાથમિક સ્તરના તમામ સંચાલકો તગડી ફી જુદા જુદા સ્વરૂપે વાલીઓ પાસેથી ખંખેરી લે છે. છતાં જાણી જોઈને લૂંટાવાય છે. વિશ્વના મહાન વ્યક્તિઓ કદી નિમ્ન સ્તરના વિવિધ એકમોમાં ભણ્યા નથી તેઓ શરૂઆતનું પ્રાથમિક શિક્ષણ પ્રાદેશિક માતૃભાષામાં ભણી વિશ્વકક્ષાએ પહોંચ્યા તેની નોંધ લઈ માતા-પિતાએ પોતાના બાળક માટે આગળ વધવું જોઈએ. ગુજરાતમાં ખાસ કરીને અંગ્રેજી મીડીયમમાં ભણાવવાની ઘેલછા છે તેવા માતા-પિતા બાળકને ખતમ કરી રહ્યા છે. જગતના વ્યવહારો માટે અંગ્રેજીને એક વિષય તરીકે પાઠમાળા પધ્ધતિથી ભણાવો તો બાળક કદી પાછુ નહિ પડે. માતા - પિતાની અંદર રહેલા પાયાહિન ખ્યાલો દૂર કરવાની તાતી જરૂરિયાત છે.

આવી વિકૃત શિક્ષણ વ્યવસ્થામાં દરેક શાળાઓએ માતા-પિતાને દર ત્રણ માસે બે દિવસની તાલીમ આપવી જોઈએ. કેટલીક વખત માતા-પિતાને શાળાકીય વ્યવહારો શું છે તેની સમજ હોતી નથી. માતા-પિતાના વ્યક્તિત્વ અને તેના રોજીંદા વ્યવહારોથી તાલીમ વર્ગમાં એક પ્રકારની સર્વેક્ષણ પ્રક્રીયા શરૂ થશે અને તેમાંથી "આદર્શ બાળક" માટેનાં તારણો બહાર આવશે. માતા-પિતાને એમ પણ થાય કે અમારે તાલીમની શું જરૂર છે. આ તાલીમ એક ઉત્તમ સુશિક્ષિત સુસંસ્કારી ભારતીય નાગરિક ઘડવાનું કાર્ય કરશે. નાનપણથી જ બાળકમાં મોટા થઈ કેવું જીવન જીવવું તેની કળા શીખી જશે. સાચા અર્થમાં ઘર એક શાળા છે. માતા-પિતાની ભૂમિકા શિક્ષકની છે.

માતા-પિતાએ ચાર અગત્યની બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે. : ૧. સંતાન ઉપર નિયંત્રણ રાખવું. ૨. સલાહ સૂચન આપી સારા-ખરાબનો ભેદ પ્રેમથી પ્રેરણા આપી સમજાવવો. ૩. મોટી ઉંમરના બાળકો સાથે મિત્રતાપૂર્ણ વ્યવહાર કરવો. ૪. માતા-પિતાએ તમામ બાબતોમાં અન્યની સરખામણી ન કરવી. બાળકના વ્યક્તિત્વને ખીલવવામાં સહયોગ આપો.

આ ઉપરાંત માતા-પિતાએ એક સહાયક તરીકેની ભૂમિકા ભજવવાની છે. જે ધોરણમાં હોય તેમાં નિયમિત વાંચવા અને નિયમિત લખવા માટે વ્યવસ્થા ગોઠવી આપવાની છે. અભ્યાસક્રમ સિવાયની સહઅભ્યાસ પ્રવૃત્તિમાં બાળકને રસ લેતું કરવા પ્રયત્ન કરવો જોઈએ. તમારા બાળકની ૨૪ કલાકની દિનચર્યાનું બારીકાઈથી નિરીક્ષણ કરવું જોઈએ અને ત્રૂટી જણાય તો સમજાવટથી દૂર કરવી જોઈએ. દર કસોટી પરીક્ષા બાદ પ્રગતિપત્રક શાળા માતા-પિતાના અભ્યાસ માટે વિદ્યાર્થી દ્વારા ઘેર મોકલાવે છે. ત્યારે તેમાં રહેલી તમામ નોંધ સૂચનો અને બાળકની પ્રગતિનો અભ્યાસ કરવો જોઈએ. માતા-પિતા વાલી માટેની સૂચના હોય તો તેનો ત્વરિત અમલ કરવો જોઈએ.

ગુજરાતમાં શિક્ષણનું સ્તર ગુણવત્તા સભર રીતે ઊંચુ લાવવું હશે તો માતા-પિતા વાલીએ

પ્રશિક્ષણ લેવું પડશે. સરકાર પણ ઈચ્છી રહી છે કે બાળકના સર્વાંગી વિકાસમાં માતા-પિતા સહયોગી બને. આ માટે સમગ્ર ગુજરાતમાં વિવિધ સ્થળે ચિંતન શિબિરો યોજીને આ કાર્યક્રમને માતા-પિતાના દ્વારે લઈ જવાનો છે. આવી માતા-પિતા માટેની પ્રશિક્ષણ શિબિરો, પ્રાથમિક -માધ્યમિક - ઉચ્ચ માધ્યમિક અને ઉચ્ચ અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓએ યોજવાની છે. બાળકને ભણાવવાનો ફક્ત હેતુ આર્થિક ઉપાર્જનનો નહિ પરંતુ એક વ્યવહારુ - સમાજ રાષ્ટ્ર - સેવાલક્ષી બાળકને દેશ માટે સોંપવાનું છે. સરકાર પણ આવા વર્ગો માટે શૈક્ષણિક સંસ્થાઓને પ્રોત્સાહન રૂપે સર્વ જન હિતાય માટે મદદ કરે. આવી શિબિરમાં માતા-પિતાની હાજરી ફરજીયાત કરવામાં આવે તો તેનો ધ્યેય સિધ્ધ કરી શકાય. દરેક માતા-પિતા ટી.વી.નો ઉપયોગ ઘટાડે અને વાંચન લેખન ચિત્રકળા - પ્રયોગકળા ઉપર ધ્યાન આપે. જો આમ નિયમીત થશે તો દરેકના ઘેર ટી.વી.ને બાયબાય કરવાના દિવસો બહુ દૂર નથી.

એક બીજી ઘાતક બાબત એ છે કે બાળકને મોબાઈલ ફોનથી બચાવો. આ ટેકનીકલ શોધ બાળકના શારીરિક તંદુરસ્તીને હણે છે. તેના મગજને નષ્ટ કરી દે છે. કુદરતી રીતે મગજ ખીલવાનો મોટો અવરોધ મોબાઈલ ફોન છે. આજકાલ જરૂરીયાતવાળા કરતાં બિન જરૂરિયાતવાળા લોકો મોટા પ્રમાણમાં મોબાઈલ વાપરે છે. તે માનવ જાતના મૃત્યુઘંટ સમાન છે. સાચા અર્થમાં દરેક પરિવાર મોબાઈલને દૂર રાખે તો માનસિક રીતે શારીરિક રીતે મોટો ફાયદો મેળવી શકે છે.

શ્રી અરવિંદ આશ્રમ પોંડિચેરીના શ્રીમાતાજીનો ખ્યાલ આદર્શ બાળકનો કંઈક અંશે આવો છે.

<u>આદર્શ બાળક :</u>

● શાળામાં હોય છે ત્યારે તેને અભ્યાસ કરવો ગમે છે. ● રમતના મેદાનમાં હોય છે ત્યારે એને રમવું ગમે છે. ● જમવાના વખતે તેને ખાવાનું ગમે છે. ● સુવાને વખતે તેને ઊંઘવાનું ગમે છે. ● હંમેશાં તેને પોતાની આસપાસના સર્વ માટે પ્રેમ હોય છે. ● શાળામાંથી આપેલું ઘરકામ - વાંચન - લેખન કરવાની તત્પરતા રાખે છે. પુરુ કર્યા બાદ શાળાએ આવે છે. ● પ્રભુની દિવ્ય કરૂણામાં તેને પૂર્ણ વિશ્વાસ હોય છે. ● પ્રભુ પ્રત્યે તેનામાં ઊંડુ માન હોયછે. ● દરરોજ માતાપિતાને વંદન કરી દિનચર્યામાં ગોઠવાય છે.

સાચા અર્થમાં બાળકો (વિદ્યાર્થીઓ) એક વીર યોધ્ધા છે. તેને કેળવી અને માતા-પિતા તરીકે પ્રશિક્ષિત થવા માટે જ્યારે શાળા બોલાવે ત્યારે જઈને બાળકના એક ઉત્તમ ઘડતરના સહયોગી બનીને જીવનનો આનંદ મેળવીશું. વિશેષ તો એ વાત ઉપર ધ્યાન આપવાની તાતી જરૂરિયાત છે જેને માતૃત્વ અને પિતૃત્વ પ્રાપ્ત કર્યું છે તેમને તો પ્રશિક્ષણની તાલીમ ફરજીયાત છે. તેમજ કોલેજના અભ્યાસકાળ દરમ્યાન જે વિદ્યાર્થીઓ નજીકના ભવિષ્યમાં પ્રભુતામાં પ્રવેશ કરવાના છે તેઓને પણ જીવનની શરૂઆત માટે તેમને ત્યાં અવતરનારા આગન્તુક માટે શું વ્યવસ્થા કરી શકાય તેને માટે પણ આગોતરી તાલીમ આપવાની વ્યવસ્થા ઊભી થાય તે મહત્ત્વની બાબત. છે.

જો આવું માળખુ કાયમી ધોરણે પ્રસ્થાપિત થાય તો સમગ્ર સમાજ અને રાષ્ટ્રીય કક્ષાએ તેનો મોટો ફાયદો થઈ શકે. ગુનાહીત પ્રવૃત્તિઓ ઘટી જાય અને સ્વચ્છ સમાજ સુંદર વ્યવસ્થા ઊભી કરીને સમગ્ર વ્યક્તિઓને કેળવી શકીએ. ચાલો જીવન જીવવાની તાલીમમાં સહભાગી થઈએ. આપણા વંશજો કાયમ માટે આપણી હસ્તી બાદ સદાને માટે યાદ કરતા રહે તેવો હાઈવે મુકીને જઈશું. જેના ઉપર આજની પેઢી રમતવીરની જેમ દોડી શકશે.

●●●

જાહેર આમંત્રણ

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ ॥

ગુરુ પૂર્ણિમા મહોત્સવ અને સત્સંગ ભક્તિ જ્ઞાનયજ્ઞ પારાયણ

પ્રેરણાપીઠ - પીરાણા

શ્રી સતપંથ પ્રેરણાણીઠ - પીરાણાથી લી. પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ તથા ભગવાં સમસ્તના શુભ આશીર્વાદ.

સહર્ષ જણાવતાં આનંદ થાય છે કે શ્રી નિષ્કલંકી નારાયણ મહાપ્રભુજીની છત્ર છાયામાં અને સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની અસીમ કૃપાથી ચાલુ સાલે સં. ૨૦૬૭ ના અષાઢ સુદ-૧૫ ને શુક્રવાર તા. ૧૫-૭-૨૦૧૧ ના શુભ દિવસે 'ગુરુ પૂર્ણિમા'નો મંગલમય પ્રસંગ શ્રી સતપંથ પ્રેરણાપીઠ - પીરાણાના શુભ સ્થળે પરંપરાગત રીતે ઉજવવામાં આવશે.

તેમજ સં. ૨૦૬૭ના અષાઢ વદ - ૧ને શનિવાર તા. ૧૬-૭-૨૦૧૧થી અષાઢ વદ - ૧૧ ને મંગળવાર તા. ૨૬-૭-૨૦૧૧ સુધી અગિયાર દિવસ 'સત્સંગ ભક્તિ જ્ઞાનયજ્ઞ પારાયણ'નું આયોજન પરંપરાગત રીતે કરેલ છે. તો ઉપરોક્ત શુભ પ્રસંગોએ પૂ. સંતોની અમૃતવાણીનો ધર્મલાભનો લ્હાવો લેવા સૌ ભાવિક ભક્તજનોને હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

લી.
આપ સૌના સહકારની મંગલમય ભાવના સહ
પ.પૂ. શ્રી જગદ્‌ગુરુ નાનકદાસજી મહારાજ તથા
ભગવાં સમસ્તના શુભ આશિષ

નોંધ : ઉપરોક્ત ગુરુપૂર્ણિમાના શુભ દિવસે **આદ્ય જગદ્‌ગુરુ પ.પૂ. શ્રી કરસનદાસજી મહારાજ સ્મૃતિધામ મંદિર** - પ્રેરણાપીઠ પીરાણાના શુભ સ્થળે ગુરુ પૂર્ણિમાનો પ્રસંગ ઉજવવામાં આવશે. તેમજ **પ.પૂ. સંત શ્રી રામદાસબાપુ સ્મૃતિધામ મંદિર** - પ્રેરણાપીઠ પીરાણાના શુભ સ્થળે ગુરુપૂર્ણિમાનો પ્રસંગ ઉજવવામાં આવશે તો આ મંગલ પ્રસંગે ઉપરોક્ત બંને સંતોના શિષ્ય મંડળોને તેમજ સૌ ભાવિક હરિભક્તોને પૂજન-અર્ચન-દર્શનનો ધર્મ લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.

:: બ્રહ્મભોજનના દાતા ::

- અષાઢ સુદ ૧૪ તા. ૧૪-૭-૨૦૧૧ સાંજના બ્રહ્મભોજનના દાતા
  શ્રી કાન્તિભાઈ વસ્તાભાઈ પટેલ - ગોતાકંપા (ખેડબ્રહ્મા)
- અષાઢ સુદ ૧૫ ને શુક્રવાર તા. ૧૫-૭-૨૦૧૧ ના રોજ બપોરના બ્રહ્મભોજનના દાતા
  શ્રી વિઠ્ઠલભાઈ લાલજીભાઈ પટેલ
  દેસાઈપુરા (બાયડ - અમેરિકા)

મહંત પદ પ્રતિષ્ઠા ચાદર વિધિ તથા ભવ્ય ભંડારા સમારોહ

શ્રી જગન્નાથજી મંદિર, અમદાવાદ (તા. ૧૫-૫-૨૦૧૧, રવિવાર)

શ્રી જગન્નાથજી મંદિરના સાતમા ગાદીપતિ 'દેવર્ષિ' ગૌ-સંત-સેવી મહામંડલેશ્વર મહંતશ્રી રામેશ્વરદાસજી મહારાજ ગુરુ રામહર્ષદાસજી મહારાજ તા. ૨૫-૩-૨૦૧૧ના દિવસે સાકેતવાસી (બ્રહ્મલીન) થયા તેમની સ્મૃતિમાં સોડસોપચાર પૂજન એવં વેદ-પઠન પશ્ચાત્ વૈષ્ણવ પરંપરા અનુસાર ભંડારાનું આયોજન વિ.સં. ૨૦૬૭, વૈશાખ સુદ - ૧૩, તા. ૧૫-૫-૨૦૧૧, રવિવારના દિવસે રાખવામાં આવેલ હતું અને તે જ સમયે પ.પૂ. અનંત વિભૂષિત જગદ્‌ગુરુ શ્રી રામાનંદાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી હંસદેવાચાર્યજી મહારાજ (હરિદ્વાર)ની અધ્યક્ષતામાં શ્રી જગન્નાથજી મંદિરના નવા (આઠમા) ગાદીપતિશ્રી મહંતશ્રી દિલીપદાસજી મહારાજનો (ચાદરવિધિ) સમારોહ સવારના ૯-૦૦ કલાકથી ૧૧-૩૦ કલાક સુધી રાખવામાં આવ્યો હતો. આ પાવન પ્રસંગે સમગ્ર ભારતવર્ષમાંથી પધારેલ જગદ્‌ગુરુશ્રીઓ, મહામંડલેશ્વરશ્રીઓ, સંતો-મહંતો તથા મહાનુભાવોએ ઉપસ્થિત રહી દર્શન તેમજ દિવ્યવાણીનો ધર્મલાભ સૌ ધર્મપ્રેમી જનતાને આપ્યો હતો.

આ પ્રસંગે આપણા પ્રેરણાપીઠધામના જગદ્‌ગુરુ પ.પૂ. સતપંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ પણ સર્વ સંતોના સાનિધ્યમાં ખાસ અગ્રગણ્ય હરોળમાં ઉપસ્થિત રહ્યા હતા અને તેમના વરદ્ હસ્તે મહંત શ્રી દિલીપદાસજી મહારાજને ચાદર વિધિ અર્પણ કરી આશીર્વચન પાઠવ્યા હતાં. શ્રી જગન્નાથ મંદિર - અમદાવાદ તથા પ્રેરણાપીઠ - પીરાણાનો એક અતૂટ નાતો કાયમ રહેલ છે.

તેમજ આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રી - ગુજરાત રાજ્ય) અને બીજા અગણિત રાજકીય મહાનુભાવો તથા અન્ય સેવાભાવી આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. ●●●

જાહેર આમંત્રણ

ગુરુપૂર્ણિમા મહોત્સવ અને સત્સંગ ભક્તિ જ્ઞાનયજ્ઞ

શ્રી નાયાકાકા મહારાજ સંસ્થા - કુકસ (શિનોર)

શ્રી નાયાકાકા મહારાજ સંસ્થા - કુકસથી પ.પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજના જય શ્રી નિષ્કલંકી નારાયણ.

સહર્ષ જણાવતાં આનંદ થાય છે કે શ્રી નિષ્કલંકી નારાયણ મહાપ્રભુજીની છત્રછાયામાં તેમજ સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજ તથા શ્રી નાયાયકાકા મહારાજની અસીમ કૃપાથી ચાલુ સાલે સં. ૨૦૬૭ના અષાઢ સુદ - ૧૫ને શુક્રવાર તા. ૧૫-૭-૨૦૧૧ના શુભ દિવસે 'ગુરુપૂર્ણિમા'નો મંગલમય પ્રસંગ શ્રી નાયાકાકા મહારાજ સંસ્થા - કુકસ (શિનોર)ના શુભ સ્થળે ઉજવવામાં આવશે.

તેમજ સં. ૨૦૬૭ના અષાઢ વદ - ૧ ને શનિવાર તા. ૧૬-૭-૨૦૧૧ થી અષાઢ વદ - ૧૧ને મંગળવાર તા. ૨૬-૭-૨૦૧૧ સુધી અગીયાર દિવસ 'સત્સંગ ભક્તિ જ્ઞાનયજ્ઞ'નું આયોજન કરેલ છે તો ઉપરોક્ત શુભ પ્રસંગોએ દિવ્ય અમૃતવાણીનો લ્હાવો લેવા સૌ ભાવિક ભક્તજનોને હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

શુભ સ્થળ :
શ્રી નાયાકાકા મહારાજ સંસ્થા
મુ. પો. કુકસ, તા. શિનોર, જી. વડોદરા

લિ.
પ.પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજ
તથા શ્રી નાયાકાકા મહારાજ સંસ્થા ટ્રસ્ટી મંડળ સર્વે

શ્રી સતપંથ બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિર

પ્રેરણાપીઠ - પીરાણા. તા. ૨૫-૪-૨૦૧૧ થી તા. ૫-૫-૨૦૧૧

શ્રી નિષ્કલંકી ધામ - નખત્રાણા. તા. ૧૮-૫-૨૦૧૧ થી તા. ૨૩-૫-૨૦૧૧

- બાબુભાઈ એસ. પટેલ, મેઘપર

શ્રી નિષ્કલંકી નારાયણ મહાપ્રભુજીની છત્રછાયામાં, સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહરાજની અસીમ કૃપાથી, આદ્ય જગદ્‌ગુરુ શ્રી કરસનદાસજી મહારાજની પ્રેરણાથી, પ્રવર્તમાન પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી શ્રી સતપંથ બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિરના પ્રણેતા બાળ ઘડતરના ઘડવૈયા બાળકોના દાદા પૂ. શ્રી શામજીદાદાના માર્ગદર્શન મુજબ શ્રી સતપંથ ધર્મ બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિર આયોજન સમિતિના સૌજન્યથી આપણી ભાવી પેઢીમાં સુસંસ્કારોનું સિંચન કરવાના હેતુસર ચાલુ સાલે ઉનાળુ વેકેશનમાં સતપંથ પ્રેરણાપીઠ પીરાણા તેમજ શ્રી નિષ્કલંકીધામ - નખત્રાણા સ્થાનકે "બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિર" નું આયોજન કરવામાં આવ્યું હતું.

બાલિકાઓની સુસંસ્કાર શિક્ષણ શિબિર :

ઉપરોક્ત આયોજન પૈકી પ્રથમ પ્રેરણાપીઠ સ્થાનકે બાલિકાઓની સુસંસ્કાર શિક્ષણ શિબિરનું આયોજન તા. ૨૫-૪-૨૦૧૧ થી તા. ૩૦-૪-૨૦૧૧ સુધી કરવામાં આવ્યું હતું.

શિબિરનો શુભારંભ તા. ૨૫-૪-૨૦૧૧ ના દિવસે બાલિકાઓના આગમન બાદ બપોરના ૩-૦૦ કલાકે પ્રથમ સત્રથી થયો. પ્રથમ પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજ તથા અન્ય મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના પ્રતિકનું પૂજન અર્ચન કર્યું. બાદમાં મંચસ્થ બિરાજમાન પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજ તથા શિબિર પ્રણેતા પ.પૂ. શ્રી શામજીદાદા તેમજ અન્ય સંતો - મહાનુભાવોનું પુષ્પમાલાથી તેમજ શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું.

ત્યારબાદ બાલિકાઓની સુસંસ્કાર શિક્ષણ શિબિર પ્રસંગે આશીર્વચન પાઠવતાં **પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજે** તેમની દિવ્ય વાણીમાં આશીર્વાદ આપતાં કહ્યું કે : બાળકોને સુસંસ્કાર આપવા માટે આદ્ય જગદ્‌ગુરુ શ્રી કરસનદાસજી મહારાજની પ્રેરણાથી પૂ. શ્રી શામજીદાદા દ્વારા આ શિબિરનું બીજ રોપ્યું છે, તે આજે મહાન વટવૃક્ષ બનીને આપણ સૌને છાંયો આપી રહ્યું છે. સદ્‌ગુરુના આશીર્વાદથી શરૂ થયેલ આ બાલ શિબિરો દિવસે દિવસે પ્રગતિ કરતી રહે તેવા મારા આશીર્વાદ છે.

દીકરીઓ, તમે આજે પ્રેરણાપીઠમાં સુસંસ્કારની શિક્ષણ શિબિરમાં સંસ્કાર લેવા આવ્યાં છો. આપણા સતપંથ ધર્મના જેવા ધ્યેય અને આચારસંહિતા બીજા કોઈ ધર્મમાં નથી. આપણા ધર્મની આચારસંહિતા પ્રમાણે સાત્વિક ખોરાક લેવાથી સાત્વિક વિચારો, સાત્વિક વાણી આવે છે. સદ્‌વિચારથી મંદિરમાં જવાની, માતાપિતાને નમસ્કાર કરવાની સદ્‌પ્રેરણા મળે છે. મનુષ્ય અવતાર શ્રેષ્ઠ છે. પરમાત્માએ મનુષ્યને વિશિષ્ઠ જ્ઞાન આપ્યું છે. તે જ્ઞાનથી આ શિબિર દરમ્યાન મનુષ્યમાંથી દેવ બનવાની પ્રેરણા મળશે. મા-બાપના ચરણમાં અડસઠ તીર્થ છે તેમના આશીર્વાદથી જીવન પ્રગતિમય બને છે. "ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ" ના મંત્રનું નામ

સ્મરણ કરવાથી લખચોર્યાસીના ફેરા ટળી જાય છે અને આપણા જીવનનું ધ્યેય હાંસલ થશે.

દીકરીઓ ! આવી શિબિરોમાંથી સંસ્કાર મેળવી જીવનનો પાયો મજબૂત કરવાનો છે. નાનપણમાં વાવેલું ધર્મનું બીજ તમારા જીવનમાં અંકુરીત થઈ વટવૃક્ષ બનશે. જીવનમાં પાપ કરવા માટે પરિશ્રમ કરવો પડતો નથી, પણ પુણ્ય માટે પરિશ્રમ કરવો પડે છે. પાપને માફ કરવા પ્રાર્થના કરવી જરૂરી છે. પ્રાર્થના પરમાત્મા અવશ્ય સાંભળતા જ હોય છે. શિબિરમાં શીખેલા સંસ્કારો અને મંત્રોનું આચરણ કરીશું તો જીવન ધન્ય બની જશે. સંત બનવું કે શેતાન તે આપણા હાથની વાત છે. સંત બનવા શિબિરમાં આવ્યાં છીએ અને બનીએ. હનુમાનમાં શક્તિ ઘણી હતી તે શક્તિને જગાડવાનું કામ જાંબુવતે કર્યું. સીતા, અનસૂયા, સાવિત્રી જેવી તમારામાં શક્તિઓ ઘણી છે તેને જગાડવા માટે આવી શિબિરોનું આયોજન કર્યું છે. દીકરીઓ, તમારામાં જે શક્તિ છે તેને ખોટી રીતે વેડફી ન નાખજો. તમારામાં જગતને જીતી લેવાની શક્તિ છે. ધર્મના સંસ્કારો લઈ મોટી થશો તો તમારો પરિવાર પણ સુસંસ્કૃત બનશે. સંસ્કારથી આપણા જીવનનો પાયો મજબુત બને છે.

સીતાજીએ લક્ષ્મણરેખા ઓળંગી તેથી તેમને ખૂબ દુઃખ પડ્યું. સ્ત્રીના જીવનમાં જુવાનીની લક્ષ્મણરેખા સંસ્કારથી ભક્તિથી ઓળંગાશે નહીં. હું ઋષિપુત્રી છું તેવી ભાવના હશે તો પરમાત્મા અવશ્ય તમારું રક્ષણ કરશે.

સોળ દીકરીઓ વિશિષ્ટ બની તેમને ધન્યવાદ છે. હું આશીર્વાદ આપું છું કે અહીંથી મેળવેલું ઘેર જઈને વારંવાર યાદ કરશો તો જીવન સફળ થઈ જશે. અહીંથી શીખેલું તમારા ગામમાં લઘુ શિબિરો કરી બીજાને શીખવશો તો આ શિબિરની સાર્થકતા યોગ્ય થશે.

પ.પૂ. સંતશ્રી શામજીદાદા (પ્રેરણાપીઠ) : આપણામાં જે અવગુણો હોય તે અહીં ગુરુદ્વારે સદ્‌ગુરુના ચરણમાં મૂકી દેવાના છે અને બદલામાં સદ્‌ગુણો પ્રાપ્ત કરવાના છે. જો મનુષ્યને નાનપણથી જ સમય સાચવવાની કળા આવડી જાય તો બધુ આવડી જાય. શિબિરમાં સુસંસ્કાર પ્રાપ્ત કરેલા જીવનભર કામ આવશે. સુસંસ્કારોના તપોબળથી આપણું જીવન સારું જશે.

મનુષ્યને જીવન જીવવાનું છે પણ જીવન જીવવાની સામે ઘણા દુશ્મનો છે. જે દુશ્મનો મનુષ્યના જીવનને દુઃખમય અને આપત્તિમય બનાવી સર્વનાશ નોતરે છે. એક દુશ્મન વ્યશનો છે. વ્યશન રોગ એવો છે કે જો તેને સમયસર અંકુશમાં ન લઈએ તો એ આપણી જાતને ખાઈ જાય છે. આપણું જીવન પશુ જેવું કરે છે. વ્યશન કરવાથી શક્તિઓ ક્ષીણ થઈ જાય છે અને શરીર નિષ્ક્રીય અને રોગીષ્ઠ બની જાય છે.

મંત્રોમાં શક્તિ ઘણી છે તેને કંઠસ્થ કરવાથી કોઈ દિવસ શક્તિ મળતી નથી પણ તેનો અમલ કરવાથી શક્તિ ઉત્પન્ન થાય છે. મંત્રો કદી ખોટા હોતા નથી. દૂધમાં ઘી છે, ઘીમાં જ્યોત પ્રગટાવવાની શક્તિ છે. આપણને દેખાતી નથી તેમ મંત્રમાં શક્તિ ઘણી છે તેને સિધ્ધ કરવી પડે. ધૂપ લોબાન અને મંત્રોથી વાતાવરણ શુધ્ધ અને પવિત્ર રહે છે. એ જ ધૂપ આપણા શરીરમાં પ્રવેશે છે ત્યારે શરીરમાં રહેલા રાક્ષસી અણુઓ નાશ પામે છે. આવા રાક્ષસી અણુઓને મારશું નહીં તો આપણું જીવન અસ્ત વ્યસ્ત થઈ જશે. પ્રતિજ્ઞા વસ્તુ એવી છે કે સમજ્યા વગર લેવાય નહીં અને લીધા પછી તેને છોડાય નહીં.

પ.પૂ. યોગતપોનિષ્ઠ શ્રી પ્રેમદાસબાપુ (પંચવટી - અમેરિકા) : નાની ઉંમરમાં સંસ્કારનું રોપણ વિશેષ થાય છે. એક માતા સો શિક્ષકની ગરજ સારે છે. જીવનમાં કદીય ગુસ્સો ન કરવો. ગુસ્સો જીવતા માણસની ઉપાધિ છે. મગજમાં ક્યારેય બોજો

(ટેન્સન) ન લેવો. બોજો લેવાથી આપણી મુસીબતોમાં વધારો થાય છે. મનુષ્ય માત્રનું છેલ્લું લક્ષ સુખી થવાનું છે. મનુષ્યના જીવનમાં સંતોષ આવી જાય તો તે સુખી થાય. સંતોષ સંતોના સત્સંગથી મળે છે. જીવનમાં હંમેશાં સત્યનો સંગ કરવો જોઈએ. જેવો સંગ કરશું તેવો રંગ મળશે.

પ.પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજ (નાચાકાકા મહારાજ સંસ્થા - કુકસ) : આ મોંઘા મૂલો મનુષ્ય દેહ મળ્યો છે તે વારંવાર નહીં મળે. લખ ચોર્યાસીના બંધનો મહાપુરુષોના આશીર્વાદથી મટે છે. ત્રણ વસ્તુનું મનન કરવાનું છે. ચિંતા, ચિતા અને ચિંતન. ચિંતા આપણા શરીરને કોરી ખાય છે. ચિતા શરીરને બાળી નાખે છે. ચિંતનથી સદ્‌ગુરુની પ્રેરણા મળે છે. વલોણું કરીશું તો ઘી મળશે. ચિંતન કરીશું તો જીવનનો સાર મળશે.

દીકરી ત્રણ કુળને તારે છે. એક દીકરી સાસરે જાય ત્યારે શાંતિ હોય ત્યાં અશાંતિ ભડભડ પ્રગટાવે છે. બીજી દીકરી માવતર અને સાસરાનાં ઘરને ઉજ્જવળ કરે છે. કુટુંબને સુસ્કારી બનાવે છે. પુન્યથી જન્મોજન્મના પાપ ઠેલાય છે. ઊંબરાનું પુન્ય ઉત્તમ છે. અખાદ્ય ખોરાક દાબેલી અને પાણીપુરી જીભ સુધી સારી લાગશે પણ તે બુધ્ધિ ભ્રષ્ટ કરશે. અહીં સંસ્કારના અમીરસથી જન્મોજન્મની ભુખ મટી જશે. આપણે પૂરી શ્રધ્ધા અને વિશ્વાસ રાખશું તો પ્રભુ કોઈપણ રીતે આપણી મદદ કરવા આવશે.

પ.પૂ. મહંતશ્રી શામળદાસજી મહારાજ (પ્રેરણાપીઠ) : શિક્ષણની જેવી રીતે જરૂર છે એવી જ રીતે જીવનમાં જ્ઞાનની જરુર છે. જ્ઞાન થકી જ શિક્ષણ આવશે. શિબિર એટલે ધર્મનું જ્ઞાન લેવા માટેનું સ્થાન. તમારામાં ઘણી શક્તિઓ ભરેલી છે તેને જાગૃત કરવાની છે. આપણને ત્રણ વસ્તુની જરૂર છે. વાણી, વર્તન અને વિવેક. વાણી એવી રાખજો કે તમે બધાને પ્યારા લાગો. આપણું વર્તન એવું હોવું જોઈએ કે નબળા માણસ સાથે આપણી બેઠક ના હોવી જોઈએ. ધર્મની નિંદા કરતા હોય તેની સાથે ન બેસવું. અહીંયાં જે અભ્યાસ - જ્ઞાન તૈયાર કરો તેનું આચરણ કરજો. દરરોજ મંદિર જજો. મંત્રનું હંમેશાં રટણ કરવાનું છે. મંત્ર બોલવાથી આપણામાં જ્ઞાન આવે છે.

પ.પૂ. મહંતશ્રી પુરુષોત્તમદાસજી મહારાજ (ગુરુકુળ - પ્રેરણાપીઠ) : આપણા સતપંથ ધર્મમાં વારિયજ્ઞ શ્રેષ્ઠ કર્મ છે. તમે દરરોજ વારિયજ્ઞ મહાપૂજામાં જજો. અહીંથી જે જ્ઞાન પ્રાપ્ત કરો તે જીવનમાં ઉતારજો. આત્માનું કલ્યાણ થઈ જશે. સંસ્કાર આપણામાં હશે તો આંચ નહીં આવે. મન મક્કમ રાખવું. જીભ દેવ તરીકે પૂજાવે અને એ જ જીભ હાડકાં ભંગાવે. કાયમ સત્સંગમાં જજો.

શ્રી ભીમજીબાપા (ટ્રસ્ટીશ્રી - પ્રેરણાપીઠ) : આપણા ધર્મમાં ઘણા બધા શક્તિશાળી મંત્રો છે. એ મંત્રોનું તમે ચિંતન અને મનન કરજો અને જીવનમાં ઉતારજો. મંત્રમાં ઘણી શક્તિ છે. એમાંથી સાર લેવાનો છે અને મંત્રો થકી આપણા જીવનને ધન્ય બનાવશું.

શ્રી ભીખુભાઈ પત્રકાર (જેતલપુર) : આપણે સારા નાગરિક બનવાનું છે. દેશમાં, સમાજમાં, ચાલતી વિકૃતિઓને દૂર કરવા સારા માણસ બનવું પડશે. સારાં પુસ્તકો વાંચવાથી આપણને સારું જ્ઞાન મળશે અને તેના થકી સારા સત્યના માર્ગે વધાશે. સારા પુસ્તકોના વાચનથી આપણામાં સારા સંસ્કારો આવશે તેમજ સારી સમજણ આવશે.

શ્રીમતિ સંધ્યાબેન ટીપરે (અમદાવાદ) : દરેક બાળકને માના ગર્ભમાંથી સંસ્કાર પ્રાપ્ત થાય છે. 'મા' જેવા વિચારો કરે, સંસ્કાર આપે તવું બાળક થાય છે. માત્ર જન્મ આપીને 'મા' મહાન નથી બની શકતી પણ બાળકમાં ચારિત્ર્યનું ઘડતર કરે, સંસ્કારનું નિર્માણ કરે તે 'મા' મહાન છે. જે બધાનું નિઃસ્વાર્થભાવે કલ્યાણ કરે તે મહાન છે. આપણને નાની નાની વાતમાંથી સંસ્કાર મળે છે. સંસ્કાર

વ્યક્તિને આદર્શ અને વિશિષ્ટ બનાવે છે તેનાથી આપણું રાષ્ટ્ર ઉન્નત બને છે. માતૃભાષાની નિષ્ઠા આપણા મનની અંદર હોવી જોઈએ. તેનાથી તેના પ્રત્યે ભાવ જાગે છે. આપણી વેશભુષા આપણી સંસ્કૃતિને શોભે તેવી હોવી જોઈએ. સ્ત્રી એ તો રાષ્ટ્રની આધારશીલા છે. આપણે બાળકને જેવા સંસ્કાર આપશું તેવું રાષ્ટ્રનું ભવિષ્ય બનશે. આપણી સંસ્કૃતિ ટકી રહે તેવા સંસ્કાર તો વિશેષ 'મા' જ આપી શકે છે. જેવું અન્ન ખાઈએ તેવું આપણું વર્તન બને છે. આવી શિબિરો દ્વારા પણ આપણામાં નવા નવા વિચારો જાગે છે.

<u>**શ્રી જશુભાઈ કે. પટેલ (વિઠ્ઠલપુરાલાટ) :**</u> મનુષ્યના પ્રથમ ગુરુ આપણી માતા છે અને બીજા ગુરુ જ્ઞાનગુરુ છે કે જયાંથી આપણને સારું જ્ઞાન મળે છે. સારા સંસ્કાર મેળવવા હશે તો આપણે જ્ઞાનગુરુ અને સંતોના શરણમાં જવું પડશે. સંસ્કારી દીકરી સુસંસ્કારી સમાજનું નિર્માણ કરી શકે છે. સંસ્કારી દીકરી ત્રણ કુળને તારે છે. જીવનમાં ટેકરા ખીશું તો છેક પહોંચાશે. દરરોજ માતાપિતાને પગે લાગવું. મંદિરે જવું. આવી ટેક લેવી જોઈએ. વડીલોની મર્યાદા નહીં જાળવીએ તો આપણે આપણા લક્ષ સુધી નહીં પહોંચી શકીએ.

<u>**બાબુભાઈ એસ. પટેલ (પ્રેરણાપીઠ) :**</u> આપણા જીવનની રચના આપણા વિચારો પર આધારિત હોય છે. આપણી કર્મેન્દ્રીયો જેવા સહવાસમાં આવે તેવું આપણા જીવનનું ઘડતર થાય છે. આપણી કર્મેન્દ્રીયો દુર્ગુણો પ્રતિ વેગ કરતી હોય તો આપણું જીવન બરબાદ થાય છે અને જો સદ્‌ગુણોના માર્ગમાં પરિવર્તન કરતી હોય તો જીવન દિવ્ય બને છે. ખેતરમાંથી કાંટા ઝાંખરાંને સાફ કરી ચોખ્ખું બનાવી ખાતર-પાણી કરીએ તો પાક સારો થાય છે તેમ આપણા જીવનમાંથી દુર્ગુણો રૂપી કાંટા-ઝાંખરાં કાઢી સદ્‌ગુણો રૂપી પાણીનું સિંચન કરશું તો જીવન દિવ્ય બનશે.

<u>**મુખી શ્રી નારણભાઈ પટેલ (હેમપુરીલાટ) :**</u> કોઈપણ કાર્ય કરો ત્યારે ત્રણ યોગ કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ સાથે રાખવા જોઈએ. આપણો ખોરાક શુધ્ધ હશે તો લોહી શુધ્ધ થશે. લોહી શુધ્ધ હશે તો મન શુધ્ધ હશે. મન શુધ્ધ હશે તો વિચાર શુધ્ધ હશે. વિચાર શુધ્ધ દ્વારા પરમાત્માને પામી શકાશે. મનરૂપી ચાવીથી વૈકુંઠનો દરવાજો ખોલી શકાય છે તેમજ બંધ કરી શકાય છે. મનને શાંત કરવા સંતોષ લઈ આવવો જરૂરી છે. મન આશા અને તૃષ્ણા ઉભું કરતું જાય છે. મન શાંત થશે ત્યારે જ આપણે પરમાત્મામાં જોડાઈ શકીશું. પરમાત્મા શાશ્વત છે, બીજું બધું નાશવંત છે.

<u>**શ્રી રમેશભાઈ વી. ચૌધરી (શિક્ષકશ્રી - મોડાસા):**</u> મનુષ્ય જીવન મોંઘુ છે તેની આપણને ખબર નથી. લાખો નિષ્ફળતાની પાછળ ઘણી સફળતા છૂપાયેલી છે. જીવનમાં સહન કરતાં શીખવું જોઈએ. જે માણસ સહન કરે છે તે તૂટતો નથી. પણ ઘા કરનાર તૂટી જશે. જે ઘા સહન કરે છે તેની જીંદગી અમૂલ્ય બની જાય છે. સંસ્કાર એટલે સારો આકાર. મનુષ્યમાં રહેલા સદ્‌ગુણો, પ્રેમ, દયા, લાગણી, દાન આ બધુ ભેગું થાય એટલે સારો આકાર કહેવાય. ભગવાનને ક્યાંય શોધવાની જરૂર નથી. ભગવાન તો આપણામાં જ સમાયેલા છે. આંખો બે છે પણ દૃષ્ટિ એક છે, દિપક અનેક છે પણ પ્રકાશ એક છે, લહેરો અનેક છે પણ પાણી એક છે, ધર્મ અનેક છે પણ ઈમાન એક છે. આપણે આપણું જીવન ઈમાનદાર બનાવવાનું છે.

<u>**શ્રી મોહનભાઈ કે. પટેલ (હેમપુરીલાટ) :**</u> બાળકને સંસ્કારો જન્મ પહેલાંથી પણ મળતા હોય છે. મા-બાપની જીવન જીવવાની પધ્ધતિ ઉપરથી પણ બાળકોમાં સંસ્કારનું નિર્માણ થતું હોય છે. સારા સંસ્કાર સંતોના સાનિધ્યમાં મળતા હોય છે. ગુરુના સાનિષ્યમાં પણ સંસ્કાર મળતા હોય છે. સ્વધર્મથી પણ સંસ્કાર મળતા હોય છે. સંસ્કારી માણસ

સમાજમાં અલગ તરી આવે છે. સંસ્કારી માણસની ખબર તેના વાણી અને વર્તન ઉપરથી ખબર પડે છે. આપણે સૌ સાચા માર્ગ પર ચાલવાવાળા સતપંથી છીએ.

શ્રી પરસોતમભાઈ એચ. પટેલ (કરસનપુરાકંપા): જેવો ખોરાક ખાશું તેવું આપણું અન્ન શરીર બનશે. અન્ન શરીરથી વ્યાયામ કરશો તો યુવાની ટકી રહેશે અને વૃધ્ધાવસ્થા મોડી આવશે. તેની આગળ પ્રાણ શરીર છે. પ્રાણ શરીરનો ખોરાક વાયુ છે. આપણે પ્રાણાયામ કરીએ છીએ તેના દ્વારા પ્રાણ શરીર બને છે. તેની આગળ મન શરીર છે. વાણી અને શબ્દ તેનો ખોરાક છે. વિચારો - વર્તન - આપણા મન શરીરથી થાય છે. વિચારો અને વર્તન પવિત્ર રાખશું તો આપણું મન પવિત્ર રહેશે અને આપણામાં સંસ્કારનો સંચય થઈ પરમ પદ પામશું.

શ્રીમતિ શ્રધ્ધાબેન (વજેપુરાકંપા) : મહાપુરુષો જે સંસ્કારનું ભાથું પીરસે તે આપણે સૌ જીવનમાં ઉતારી આચરણમાં મુકવાનું છે જેથી આપણું જીવન સુગંધીમય બને. સંસ્કારો આપણા જીવનમાં ઉતારશો તો કુસંસ્કારો આપમેળે દૂર થઈ જશે અને આપણે મહાન વ્યક્તિ બની શકીશું. શિબિરમાં આપણે નારાયણ બની શકીએ તેવા સંસ્કાર મળે છે.

શ્રી હર્ષદભાઈ જે. પટેલ (પાલડીલાટ) : આપણે જીંદગીમાં સારા સદ્ગુણ મેળવશું. આપણે જીંદગીમાં એક જ ધ્યેય બનાવવો. ધ્યેય એક હશે દિશા એક હશે તો જીવનમાં જરૂર સફળતા મળશે.

શ્રી મોહનભાઈ એમ. પટેલ (મોહનપુરાકંપા) : સંતો હંમેશાં 'મા' વિશે સારું જ્ઞાન આપતા હોય છે. 'મા' ભગવાનથી પણ ઉપર છે. જીવનમાં 'મા' ના આશીર્વાદ મળી જાય તો દુનિયાની કોઈ તાકાત નથી કે આપણને રોકી શકે. 'મા' આપણા જીવનની કરૂણતાની કહાની છે. 'મા' એ પ્રેમનું પ્રતિક છે. પહેલા ગુરુ આપણા મા-બાપ છે. સંસાર છોડે અને સંસાર જેની ચિંતા કરે તે સંત કહેવાય. સંતોના આશીર્વાદથી આપણા જીવનનો બેડો પાર થઈ જાય છે. સંતોનો સ્વભાવ માની ગોદ જેવો હોય છે.

કુમારી માર્ગીબેન (અવાખલ) : આપણામાં એકતા હોય તો જીતી જવાય અને એકલા હોઈએ તો હારી જવાય. એક લાકડી તૂટી જાય, ઘણી લાકડીઓ ભેગી હોય તો તૂટતી નથી. ભગવાને કહ્યું છે કે તું મારા માટે પાંચ મિનિટ કાઢીશ તો હું તારા માટે મારા દરવાજા ખોલી દઈશે. તમે ભગવાનને કેટલા બધા ગમો ? સમયનો સદ્ઉપયોગ એ જ જીવનની સાર્થકતા છે. સમયને કોઈ દિવસ તિજોરીમાં બંધ કરી શકાતો નથી. સમયને અનુરૂપ ચાલવું જોઈએ. તો જ જીવનમાં સફળતા મળશે. મનુષ્યએ કર્મનો ત્યાગ નથી કરવાનો પણ તેમાં રહેલી ઈચ્છાઓનો ત્યાગ કરવાનો છે. બેલેન્સ વગરનો ચેક અને સત્સંગ વગરની જીંદગી સરખું છે.

તા. ૩૦-૪-૨૦૧૧ના રોજ બાલિકાઓની સુસંસ્કાર શિક્ષણ શિબિર સમાપન સમારોહ પ્રસંગે પ.પૂ. જગદ્ગુરુ શ્રી નાનકદાસજી મહારાજે તેમના વરદ્ હસ્તે શિબિરાર્થી બાલિકાઓ, પ્રબંધક બહેનો, તજજ્ઞ બહેનો, ભોજન પ્રબંધક બહેનો, સંરક્ષક બહેનો, જલ તેમજ સમય પ્રબંધક બહેનો, સભાખંડ પ્રબંધક બહેનોને પ્રમાણપત્રો તેમજ પુરસ્કાર વિતરણ કરી શુભ આશીર્વાદ પાઠવ્યા હતા. તથા સોળ વિશિષ્ટ બાળાઓને પ્રોત્સાહિત કર્યા હતાં.

બાલિકાઓની શિબિર તા. ૩૦-૪-૨૦૧૧ના બપોરે ૧૦-૩૦ કલાકે સમાપન કરવામાં આવી હતી.

બાળમિત્રોની સુસંસ્કાર શિબિર :

ઉપરોક્ત આયોજન પૈકી બાલમિત્રોની સુસંસ્કાર શિબિરનું આયોજન તા. ૩૦-૪-૨૦૧૧

થી તા. ૫-૫-૨૦૧૧ સુધી કરવામાં આવ્યું હતું.

તા. ૩૦-૪-૨૦૧૧ ના બપોરે ૧૧-૩૦ કલાકે બાળ મિત્રોના આગમન બાદ બપોરે ૩-૦૦ કલાકે બાલમિત્રોની સુસંસ્કાર શિક્ષણ શિબિરનો શુભારંભ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના પ્રતિકનું પૂજન કરી પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજ તેમજ શિબિર પ્રણેતા પૂ. શ્રી શામજીદાદા તથા અન્ય મહાનુભાવોએ કર્યો હતો.

બાલમિત્રોની સુસંસ્કાર શિક્ષણ શિબિર પ્રસંગે આશીર્વચન પાઠવતાં **પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજે** શિબિરાર્થી બાળમિત્રોને તેમની દિવ્યવાણીમાં કહ્યું કે : દીકરાઓ તમે પ્રેરણાપીઠમાં સુસંસ્કાર લેવા આવ્યા છો. આનંદની વાત છે સંસ્કારથી જીવન ધન્ય બને છે અને કુસંસ્કારથી જીવન બરબાદ થાય છે. સારા માણસોની સંગતથી સુસંસ્કારો મળે, નબળાની સંગતથી કુસંસ્કારો મળે. જેમને સુસંસ્કાર ગ્રહણ કર્યા તેમનાં નામ ઈતિહાસમાં અમર થઈ ગયાં છે.

પ્રથમ ગુરુ મા-બાપ છે તેમના આશીર્વાદથી બેડો પાર થઈ જાય. સવાર-સાંજ મા-બાપને પગે લાગવું જોઈએ. જીવનનું પ્રથમ પગથિયું શિસ્ત છે. તમો અહીં પ્રેરણાપીઠમાં પ્રેરણા મેળવવા આવ્યા છો. આ જાગતી પવિત્ર ભૂમિ છે. તેથી અહીં સૌને સારા વિચારો આવે છે. ભૂમિનો પ્રતાપ વિશેષ છે. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે આપણને જે આચાર સંહિતા આપી છે તેનો અમલ કરીએ. ગણવેશની અસર આપણા ઉપર વિશેષ થાય છે. મંદિરમાં જતી વખતે સફેદ વસ્ત્રો પરિધાન કરવાં જોઈએ. સફેદ રંગ શાંતિનું પ્રતિક છે. આપણા મંદિરોની ધજા પણ સફેદ છે. શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન પણ સફેદ ઘોડા પર આરૂઢ થઈને આવશે. સદ્‌ગુરુએ આપણને નવ અવતારને વંદન અને દસમા શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના અવતારનું પૂજન કરવાનું કહ્યું છે. દીકરાઓ ! તમારામાં કોઈ તામસી વ્યસન હોય તો છોડી દેજો. અને પરમાત્મા સમક્ષ સંકલ્પ કરજો કે હું તામસી પદાર્થોનું સેવન નહીં કરૂં.

કંઠસ્થ કરેલા મંત્રોનું ઘેર જઈ અધ્યયન કરજો. મંત્રોનું અને અહીં જે સત્સંગ સાંભળ્યો તેનું અર્થઘટન કરી વાગોળશો. પ્રેરણાપીઠમાંથી પ્રેરણા લઈને ઘેર જાવ એવી અંતરની અભિલાષા વ્યક્ત કરૂં છું. આપણો દેશ ઋષિમુનિઓનો દેશ છે. તેની સંસ્કૃતિ અનન્ય અને અજોડ છે. તે અંગેની સમજણ આવી શિબિરોમાંથી આપણને જાણવા મળે છે. આપણા ભારત દેશની સંસ્કૃતિ અને સંસ્કારને જાળવશો તો બેડો પાર થઈ જશે.

પ.પૂ. શ્રી શામજીદાદા (પ્રેરણાપીઠ) : ભણતર જીવનનો પાયોછે. ભણતરની સાથે સાથે સંસ્કાર અને જ્ઞાન મેળવવાં જરૂરી છે. મંત્રને આધિન દેવતા છે. આપણા સતપંથના મંત્રોમાં ઘણી શક્તિ છે. સર્વ દેવ ઋષિવરને નમસ્કારના મંત્રમાં સમગ્ર સૃષ્ટિને સમાવવામાં આવી છે. કોઈપણ મંત્રને બે-ત્રણ દિવસ બોલવાથી શક્તિ મળતી નથી પણ તેનું કાયમ જાપ રટણ કરવું પડે છે. પ્રભુને પ્રાર્થના કરતી વખતે દિવ્ય જ્યોતની સામે એક ચિત્તે એક ધ્યાને આંખનો પલકારો માર્યા સિવાય સમર્પિત ભાવનાથી પ્રાર્થના કરવી જોઈએ, તો જ ભગવાન પ્રાર્થના સાંભળે છે. ધુપ લોબાનથી વાતાવરણ શુધ્ધ અને પવિત્ર રહે છે. આપણું શરીર પણ પવિત્ર રહે છે. તેનાથી સત્વગુણી વિચારો પ્રગટ થાય છે. જીવનમાં શાંતિ ભગવાનના નામ સ્મરણ અને સત્સંગ કરવાથી મળે છે. આપણા વિચારો ખરાબ હોય તો પશુ જેવા ગણાઈએ. સદાય સારા વિચારો અને સંકલ્પો કરવા જેથી ચોક્કસ પરિણામ આવે. કુસંસ્કાર, કુરિવાજ, કુવ્યસનો આપણાં દુશ્મનો છે તેનાથી દૂર રહેવું. આપણે મા-બાપને પગે લાગવાની, દરરોજ મંદિરે ભગવાનના દર્શન કરવાની, અમરમંત્રની માળા કરવાની, સત્ય

બોલવાની, ચોરી ન કરવાની, સવારમાં વહેલા ઉઠવાની, દરેકના આજ્ઞાંકિત બનવાની આવી આવી પ્રતિજ્ઞાઓ જીવનમાં લઈએ તો આપણું જીવન દિવ્ય બની જાય અને પરમાત્માની નજીક પહોંચાય.

પ.પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજ (કુકસ): આપણે આ જગતમાં આવ્યા ત્યારે અનામી થઈને અને જશું ત્યારે નનામી થઈને. માટે જીવનમાં સત્કર્મ કરીએ. ભુખ્યાને અન્ન આપવું, તરસ્યાને પાણી આપવું. આવી શિબિરોમાંથી આપણને જીવન જીવવાની કળા મળે છે. આપણે હંમેશાં સારા માણસોનો સંગ કરવો. પ્રાર્થનામાં ભગવાન પાસે પરમાર્થ, ઉદારતા, નમ્રતા, સદાચારના ગુણો વિકશે એવું માગજો. ભગવાનની આપણા પર કૃપા થાય તો આપણું જીવન ધન્ય બની જાય. નમ્રતા મોટો ગુણ છે. 'નમે તે સૌને ગમે'. સંતોના સત્સંગથી આપણામાં જ્ઞાનરૂપી દીવડા પ્રગટતા હોય છે.

પ.પૂ. મહંતશ્રી શામળદાસજી મહારાજ (પ્રેરણાપીઠ) : ધર્મમાં આગળ વધવુ હોય તો આવી શિબિરો - સત્સંગોના માધ્યમથી આગળ વધી શકાય. જીવનમાં શિક્ષણની જરૂર છે તેમ ધર્મજ્ઞાન માટે આવી શિબિરોની જરૂર છે. ખરાબ કર્મ કરતા માણસોનો આપણે સંગ ન કરવો. મા-બાપ, ધરતીમાતા, કુળદેવી અને ગૌમાતા આ ચારને વંદનીય ગણી તેની દરરોજ સેવા-પૂજા કરવી.

મુખી શ્રી નારણભાઈ પટેલ (હેમપુરીલાટ) : ચોર્યાસીના ફેરામાંથી મુક્ત થવા માટેનું પ્રથમ પગથિયું આ બાલ શિબિર છે. આપણે આપણું જીવન સુધારવાનું છે. સુસંસ્કાર એ ચઢાણ છે તે ચઢાણે ચડવું પડે, તો જ સફળતાના શિખર પર પહોંચાય. સંસ્કાર માટે પ્રયત્ન આપણે જ કરવાના છે. સુસંસ્કાર દ્વારા આપણે એવું જીવન બનાવવાનું છે કે આપણા જીવનનો પ્રકાશ આખી દુનિયામાં પડે. આપણા શરીરમાં જ ભગવાન બેઠા છે પણ તેને શોધવા પડે. પરમાત્મા દરેક જીવજંતુમાં સમાયેલા છે. કોઈપણ કાર્ય માટે મન સ્થિર કરીએ તો તે કાર્ય સફળ થાય છે.

શ્રી બાબુભાઈ પટેલ (પ્રેરણાપીઠ) : જે મનુષ્યો ચારિત્ર્યવાન હોય, સદ્‌ગુણી હોય, તેને સંસ્કારી કહેવાય અને ચારિત્ર્યહીન, વ્યસની, વ્યભીચારી મનુષ્યને કુસંસ્કારી કહેવાય. જીવનમાં આપણે જેવું કર્મ કરીએ તેવું ફળ મળે છે. આપણા કર્મોના હિસાબ પરમાત્મા રાખે છે તે સર્વવ્યાપક છે. સર્વમાં તેનો વાસ છે. સંસ્કારી અને ચારિત્ર્યવાન બનવા સત્સંગ જરૂરી છે. સંતોની દિવ્યવાણીથી મનની મલિનતા દૂર થાય છે. જેથી આપણા વાણી, વિચાર, વર્તન સુસંસ્કારી બને છે અને આપણું જીવન દિવ્ય બને છે.

શ્રી ભીખુભાઈ પત્રકાર (જેતલપુર) : આપણે જીવનમાં કોઈપણ નાનુ કે મોટું વ્યસન કરવું જોઈએ નહીં. એના દ્વારા આપણું જીવન બરબાદ થઈ શકે છે. નાનું વ્યસન આગળ જતાં મોટું બને છે. મીઠી સોપારીમાંથી ગુટકા અને દારૂનું વ્યસન લાગી જાય છે. શિબિરના સંસ્કારો આપણને વ્યસન કરતા અટકાવે છે. સંસ્કારો દ્વારા બાળકોના જીવનમાં અને સમાજમાં ક્રાંતિ આવે છે. આપણી પ્રેરણાપીઠ માણસને માણસ બનાવે છે. નાનપણથી આપણે શું બનવું તેનો ધ્યેય નક્કી કરવો જોઈએ. ધ્યેયથી જ આગળ વધાય છે. ચંદનને ઘસ્યા વગર સુગંધ આવતી નથી તેમ મગજને કસ્યા વગર જ્ઞાન પ્રાપ્ત થતું નથી.

પ્રિ. શ્રી શાંતિભાઈ પટેલ (ગુરુકુળ) : માણસ જેવું વિચારે છે તેવો બની શકે છે. તેના માટે પ્રયત્ન કરવા જરૂરી છે. જો આપણા વિચારો ઉન્નત હશે તો આપણું જીવન પણ ઉજ્જવળ બનશે. વ્યસનો, દારૂ, ગુટકાનો ઉપયોગ પોતાને અને પરિવારને બરબાદ કરી નાખે છે. આપણે આપણી જાતને કેળવવી જોઈએ. મનુષ્યની અંદર અગણિત શક્તિ છૂપાયેલી છે. તેને આત્મવિશ્વાસ દ્વારા જાગૃત કરી

શકાય છે. શક્તિ દ્વારા આપણા ધ્યેય સ્થાને અવશ્ય પહોંચી શકાય છે.

શ્રી કે. પી. પટેલ (અમદાવાદ) : સંસ્કાર કોઈ દિવસ સ્કૂલમાંથી મળતા નથી. સંસ્કાર આવી શિબિરોમાંથી મળે છે. શિબિરના જ્ઞાન દ્વારા ઊંચી પદવી પ્રાપ્ત થાય છે. વેદ એટલે ધર્મ. આપણો મુખ્યવેદ અથર્વવેદ છે. તેનું અધ્યયન કરી પાલન કરીએ તો વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત થાય છે. આપણા વારિયજ્ઞમાં કેટલી બધી તાકાત છે. તે મંત્રો દ્વારા ખબર પડે છે. અત્યારે નાની ઉંમરમાં જેટલું સારું કાર્ય થાય તેટલું કરવું જોઈએ.

શ્રી રમેશભાઈ વી. ચૌધરી (શિક્ષકશ્રી, સરસ્વતી હાઈસ્કૂલ - મોડાસા) : પ્રાર્થના હૃદય અને આત્માનો ખોરાક છે. પ્રાર્થના શીવમાંથી છુટા પડેલા જીવનું ફરીથી પુનઃ મિલન માટેનું માધ્યમ છે. પ્રાર્થના જે પરમ કૃપાળુ પરમાત્માના અંતરના દ્વાર સુધી પહોંચવા માટેની શબ્દ રૂપી કેડી છે. શબ્દ પરિબ્રહ્મ છે. શબ્દમાં અદ્‌ભૂત તાકાત રહેલી છે. અંતરમાંથી મળેલા આશીર્વાદ મહાન છે.

બીજાના દોષ જોતા પહેલાં આપણે આપણા દોષ દૂર કરવા જોઈએ. મનુષ્યએ કાગડા જેવી બુધ્ધિ, બગલા જેવું ધ્યાન, કૂતરા જેવી ઉંઘ આ ત્રણ પ્રકારનું જ્ઞાન કેળવવું જોઈએ.

શ્રી શાંતિભગત (ગોતાકંપા) : કોઈપણ કાર્ય કરતી વખતે અથવા કોઈપણ કાર્ય કરીએ ત્યારે હંમેશાં આપણા મુખમાં પ્રભુ સ્મરણ હોવું જોઈએ. આપણે જીવનમાં કયારેય ચોરી કરવી જોઈએ નહીં. મનુષ્યને કર્મનું ફળ આ અવતારમાં જ મળે છે. આપણે સૌ બાળકોએ સુસંસ્કાર ગ્રહણ કરવા જોઈએ. કુટેવોને તિલાંજલી આપી દેવી જોઈએ. વ્યશનોથી દૂર રહેવું જોઈએ. ભક્તિનું મહત્વ વિશેષ છે. બીજા અવતારોમાં ભક્તિ થઈ શકતી નથી.

શ્રી પરસોતમભાઈ એમ. પટેલ (કરસનપુરાકંપા): શિબિરમાં આવી ધ્યાન વિશે શીખો. ધ્યાન દ્વારા યાદશક્તિને પ્રોત્સાહન મળે છે. જપ-તપ કરવાથી મનને શાંતિ મળે છે. આપણે ખોરાક શુધ્ધ રાખવો જેથી મન પવિત્ર રહે. જીવનમાં જ્ઞાન કેળવવું પડશે તો જ આગળ પ્રગતિ થઈ શકશે.

શ્રી મોહનકુમાર એમ. પટેલ (મોહનપુરાકંપા) : આપણે હંમેશાં સારા માણસોનો સંગ કરવો જોઈએ. આપણા મિત્રો ખરાબ હોય તો આપણે પણ ખરાબ બની શકીએ. કેરીના કરંડીયામાં એક કેરી બગડે તો બધી જ કેરીઓને એ કેરીથી બગાડ શરૂ થઈ જાય છે. તેમ ખરાબ મિત્રોના સંગતની અસર આપણને થયા વગર રહેતી નથી. આપણે હંમેશાં આપણા મા-બાપને પગે લાગવું જોઈએ જેથી તેમના આશીર્વાદથી આપણો બેડો પાર થઈ જાય અને આપણા કાર્યો સરળ થઈ જાય. મા-બાપને તો ભગવાનથી પણ ઊંચું પદ આપવામાં આવ્યું છે. આપણે મા-બાપને પગે નહીં લાગીએ તો ભગવાન પણ આપણી પ્રાર્થના નહીં સ્વીકારે.

શ્રી રોનકકુમાર પારસીયા (દેલવાડા કંપા) : ભારોભાર સ્વાર્થ ભરેલી દુનિયામાં કોઈ કોઈનું નથી. બધા લેણદેણના સંબંધે ભેગા થાય છે. તમામ પ્રકારના વિવાદ અને વિષાદનું મૂળ કારણ છે મોહ અને મમતા. જો સુખી થવું હોય, બીજાને સુખી જોવા હોય તો મોહ - મમતાના બંધન તૂટી જવાં જોઈએ.

તા. ૫-૫-૨૦૧૦ ના રોજ બાળમિત્રોની સુસંસ્કાર શિક્ષણ શિબિરના સમાપન પ્રસંગે પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજે તેમના વરદ્ હસ્તે શિબિરાર્થી બાલમિત્રો, તજજ્ઞો, પ્રબંધકો, ભોજન પ્રબંધકો, સંરક્ષકો, જલ તેમજ સમય પ્રબંધકો, સભાખંડ પ્રબંધક મિત્રોને પ્રમાણપત્રો તથા પુરસ્કાર વિતરણ કરી આશીર્વાદ પાઠવ્યા હતા. તથા ચૌદ વિશિષ્ટ બાલમિત્રોને પ્રોત્સાહિત કર્યા હતા.

બંને શિબિરોના સમાપન પ્રસંગે શિબિરાર્થી બાલ-બાલિકાઓએ શિબિર દરમ્યાન થયેલા પોતાના અનુભવો અને શીખેલા મંત્રો

નિખાલસ ભાવે રજુ કર્યા હતા. તે સાંભળી પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ, પ.પૂ. મહંતશ્રી શામળદાસજી મહારાજ, પ.પૂ. મહંત શ્રી પુરુષોત્તમદાસજી મહારાજ, પૂ. શ્રી શામજીદાદા, પૂ. મહાનુભાવો, પૂ. વડીલો તેમજ શિબિરાર્થીઓ સૌ ભાવ વિભોર બની ગયા હતા. પૂ. શ્રી શામજીદાદાના માર્ગદર્શન મુજબ સંચાલકો, તજજ્ઞ ભાઈઓ તથા બહેનોએ સુંદર કામગીરી બજાવી હતી.

ઉપરોક્ત બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિર પ્રસંગે દાનવીર બ્રહ્મભોજનના દાતાઓ સર્વશ્રી પ.પૂ. જગદ્‌ગુરુ સતપંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ (પ્રેરણાપીઠ), શ્રી પટેલ સુનિલકુમાર જયંતિલાલ (કપડવંજ-લાટીબજાર), શ્રી શાંતિભાઈ જસાભાઈ છાભૈયા (નારણપુરાકંપા - ધનસુરા), શ્રી કાન્તીભાઈ ગોવિંદભાઈ રામજીયાણી (લાલુકંપા-ધનસુરા), શ્રી રતનશીભાઈ રવજીભાઈ રામજીયાણી (પ્રેમનગર - વડાગામ - ધનસુરા), શ્રી કાન્તીભાઈ રામજીભાઈ પટેલ (ખાત્રેજ ચોકડી - મહેમદાવાદ), શ્રી કાન્તીભાઈ ખીમજીભાઈ ભાવાણી (કલ્યાણપર - કચ્છ) પ.પૂ. સંતશ્રી રામદાસબાપુ શિષ્યમંડળ (પ્રેરણાપીઠ), શ્રી દેવરામભાઈ રામજીભાઈ ભોજાણી (મેઘપુરાકંપા - બાયડ), શ્રી કૈલાસ સો મીલ, શ્રી મહાલક્ષ્મી સો મીલ, હ. ભીમજીભાઈ એમ. રંગાણી તથા દેવજીભાઈ એમ. રંગાણી, શ્રી હરજીભાઈ ખેતાભાઈ પટેલ (મદાપુરકંપા - મોડાસા) શ્રી દેવસીભાઈ મનજીભાઈ પટેલ (મરીન ડ્રાઈવ - જી રોડ, મુંબઈ), શ્રી છગનભાઈ કરસનભાઈ પટેલ (કુબાધરોલકંપા - વડાલી), શ્રી દેવજીભાઈ નારણભાઈ પારસીયા (મું. ડૉક્ટરકંપા - મોડાસા), શ્રી દેવરામભાઈ દેવસીભાઈ પોકાર (પાલડીલાટ - પીરાણા), શ્રી ભરતભાઈ પ્રેમજીભાઈ સામજીભાઈ પારસીયા (ગઢકંપા), શ્રી અલ્પેશભાઈ દિનેશભાઈ ભાવાણી (વજેપુરાકંપા), શ્રી સ્વ. નાનજીભાઈ હંસરાજભાઈ માવાણી પરિવાર (દહેગામ), શ્રી નરેશભાઈ રામજીભાઈ ભગત (દેસાઈપુરાકંપા - બાયડ) વગેરે મહાનુભાવોએ બ્રહ્મભોજનના અન્નદાનનો ધર્મલાભ લીધો હતો. પ.પૂ. જગદ્‌ગુરૂ શ્રી નાનકદાસજી મહારાજે સૌ બ્રહ્મભોજન દાતાઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

અંતમાં સમગ્ર બંને શિબિરો દરમ્યાનના આયોજકો, બ્રહ્મભોજનના દાતાઓ, સ્વયં સેવકો, સેવાધારી વડીલો, તેમજ નામી-અનામી જેમને શિબિરોને સફળ કરવામાં સહયોગ સેવા આપી છે તે સૌને પ.પૂ. જગદ્‌ગુરૂશ્રી નાનકદાસજી મહારાજે અંતઃકરણપૂર્વક આશીર્વાદ પાઠવ્યા હતા.

શિબિરોની આછી રૂપરેખા :

આ વર્ષે ઉનાળુ વેકેશનમાં યોજાયેલ બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિરની આછી રૂપરેખા નીચે પ્રમાણે રહી.

તા. ૨૫-૪-૨૦૧૧ થી તા. ૩૦-૪-૨૦૧૧ સુધી બાલિકાઓની શિબિર અને તા. ૩૦-૪-૨૦૧૧ થી તા. ૫-૫-૨૦૧૧ સુધી બાલમિત્રોની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વય મર્યાદા ૧૦ વર્ષ થી ૧૮ વર્ષ સુધીની.

શિબિરાર્થી બાલિકાઓ :

કુટિર સંખ્યા	:	૧૩
શિબિરાર્થી બાલિકાઓની સંખ્યા	:	૧૫૭
તજજ્ઞ બહેનો	:	૧૩
મદદનીશ તજજ્ઞ બહેનો	:	૧૩
મુખ્ય પ્રબંધક બહેનો	:	૨
બ્રહ્મભોજન પ્રબંધક બહેનો	:	૨૧
સંરક્ષક બહેનો	:	૪
જલ પ્રબંધક બહેનો	:	૨
સમય પ્રબંધક બહેનો	:	૨
સભાખંડ પ્રબંધક બહેનો	:	૨

કુલ બાલિકાઓ	:	૨૧૬

શિબિર દરમ્યાન શિબિરાર્થી બાલિકાઓએ નિત્યકર્મ, દેવ દર્શન, પૂજાપાઠના ઉપયોગમાં આવતા મંત્રો = ૧૬૮૬, સદ્‌ગુરુની શિખામણ = ૨૪૮૮, પ્રશ્નો = ૪૩૬, કંઠસ્થ કરેલ તથા ૧૧ પ્રતિજ્ઞાઓ પૈકી કુલ = ૧૬૪૮ પ્રતિજ્ઞાઓ લીધેલી. *(વિશિષ્ટ બાલિકાઓ થઈ = ૧૬)*

શિબિરાર્થી બાલમિત્રો :

કુટિર સંખ્યા	:	૧૨
શિબિરાર્થી બાલમિત્રોની સંખ્યા	:	૧૬૪
તજજ્ઞ મિત્રો	:	૧૨
મદદનીશ તજજ્ઞ મિત્રો	:	૧૨
મુખ્ય પ્રબંધક મિત્રો	:	૨
બ્રહ્મભોજન પ્રબંધક મિત્રો	:	૧૮
સંરક્ષક મિત્રો	:	૫
જલ પ્રબંધક મિત્રો	:	૨
સમય પ્રબંધક મિત્રો	:	૧
સભાખંડ વ્યવસ્થાપક મિત્રો	:	૨
કુલ બાલ મિત્રો	:	૨૩૦

શિબિર દરમ્યાન શિબિરાર્થી બાલમિત્રોએ નિત્યકર્મ, દેવદર્શન, પૂજાપાઠના ઉપયોગમાં આવતા મંત્રો = ૧૧૯૭, સદ્‌ગુરુની શિખામણ = ૯૮૯, પ્રશ્નો = ૩૫૫, કંઠસ્થ કરેલ તથા ૧૧ પ્રતિજ્ઞાઓ પૈકી કુલ = ૧૫૩૭ પ્રતિજ્ઞાઓ લીધેલી. *(વિશિષ્ટ બાલમિત્રો થયા = ૧૪)*

●●●

શ્રી નિષ્કલંકી ધામ - નખત્રાણા
શ્રી સતપંથ બાલ-બાલિકા સંયુક્ત સુસંસ્કાર શિક્ષણ શિબિર

(તા. ૧૮-૫-૨૦૧૧ થી તા. ૨૩-૫-૨૦૧૧)

શ્રી નિષ્કલંકી ધામ - નખત્રાણા સ્થાનકે શ્રી સતપંથ બાલ-બાલિકાની સંયુક્ત શિક્ષણ શિબિરનું આયોજન તા. ૧૮-૫-૨૦૧૧ થી તા. ૨૩-૫-૨૦૧૧ સુધી કરવામાં આવ્યું હતું.

શિબિરનો શુભારંભ તા. ૧૮-૫-૨૦૧૧ ના દિવસે બાલ-બાલિકાઓના આગમન બાદ બપોરના ૩-૩૦ કલાકે પ્રથમ સત્રથી થયો હતો. આ પ્રસંગની શુભ શરુઆતમાં પ્રથમ પ.પૂ. ગાદીપતિ મહંતશ્રી ગંગેશ્વરદાસજી મહારાજ (શ્રી નિષ્કલંકી ધામ - નખત્રાણા), પ.પૂ. મહંતશ્રી જયરામદાસજી મહારાજ (અથર્વવેદી સેવાઆશ્રમ - કાદીયા), શિબિર પ્રણેતા પ.પૂ. સંતશ્રી શામજીદાદા તેમજ અન્ય સંતો - મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી અને આદ્યશક્તિ જ્યોતિ, સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના પ્રતિક, જ્ઞાનદેવી શ્રી સરસ્વતી માતાના પ્રતિક, પ.પૂ. આદ્ય જગદ્‌ગુરુ શ્રી કરસનદાસજી મહારાજના પ્રતિકનું પૂજન અર્ચન કર્યું. બાદમાં સૌ સંતો-મહાનુભાવો તેમજ આદરણીય મહેમાનોએ મંચસ્થ સ્થાન ગ્રહણ કર્યા બાદ તેમનું પુષ્પમાળા તેમજ શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું.

શ્રી સતપંથ બાલ-બાલિકાઓની સંયુક્ત સુસંસ્કાર શિક્ષણ શિબિર પ્રસંગને અનુલક્ષીને સૌ સંતો-મહાનુભાવોએ આશીર્વચન પાઠવતાં પૈકી સમાપન સમારોહ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહી **પ.પૂ. જગદ્‌ગુરુ સતપંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ (પ્રેરણાપીઠ)** એ શિબિરાર્થી બાળકોને તેમની દિવ્ય વાણીમાં કહ્યું કે : બાળકો તમે અહીં સંસ્કાર લેવાઆવ્યાં છો. સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજે આપણને જે આચાર સંહિતા આપી છે તેનો અમલ કરીએ. આજ કલિયુગનો જમાનો છે. પાછળની પેઢીને સંસ્કારી બનાવવા આવી શિબિરોની જરૂર છે. શિક્ષાપત્રી એ આપણી સંસ્કારની સો ક્રિયાની જનોઈ છે. સતપંથ એટલે સાચો રસ્તો. આપણે સાચા રસ્તે ચાલી રહ્યાં છીએ.

અથર્વવેદના આધારે આપણો સતપંથ ધર્મ છે.

મંત્રોમાં શક્તિ ઘણી છે. દરરોજ આપણે મંત્રોનો ઉપયોગ કરીએ તો આપણાં પાપો દૂર થાય. મંત્રને આધિન દેવતા છે. મંત્રોના અધ્યયન ચિંતન કરીશું તો દેવોના આશીર્વાદ આપણા ઉપરરહેશે. આપણામાં શક્તિ વધશે.

બાળકો તમે આ શિબિરમાં ઘણું શીખ્યાં છો. પાંચ દિવસમાં નાનાં ભૂલકાઓએ મંત્રો, શિક્ષાપત્રી કંઠસ્થ કર્યા તેના પ્રતિભાવો સાંભળી આનંદ થયો. ઘણાં બાળકો વિશિષ્ટ બન્યાં છે. હું સૌને આશીર્વાદ સાથે ધન્યવાદ આપું છું. અહીંથી સંતો અને મહાનુભાવો પાસેથી જે સંસ્કારો મળ્યા તેને જીવનમાં ઉતારજો, મોટા થઈ માવતરની સેવા કરજો. માવતર દુઃખી ન થાય. માવતરના કદી વારા ન કરતા. આપણી ભારતીય સંસ્કૃતિને લાંછન લાગે. દીકરીઓમાં ભક્તિ અને શક્તિ છે. ધ્રુવ, પ્રહલાદ જેવા ભક્તો અને શકુંતલા, સાવિત્રી જેવી સતીઓનાં નામ સંસ્કાર થકી ઈતિહાસમાં અમર થઈ ગયાં છે.

<u>પ.પૂ. ગાદીપતિ મહંતશ્રી ગંગેશ્વરદાસજી મહારાજ (નિષ્કલંકીધામ - નખત્રાણા) :</u> સંસ્કાર બાળ શિબિરોમાંથી મળે છે. સંસ્કૃતિનું રક્ષણ કરવા સંસ્કૃતિ જરૂરી છે. સંસ્કારથી સતપંથ ધર્મને ઉજળો કરી દેખાડીએ. નીતિ, સેવા, પરમાર્થ જેવા સદ્‌ગુણો શિબિરમાંથી મળે છે. જીવનમાં સત્ય વર્તન કરવું. આંખથી પાપ વધે, જીભથી ઝેર વધે. પુરુષાર્થ અને નિષ્ઠાથી આગળ વધાય.

પ્રથમ મા પાસેથી બાળકોમાં સંસ્કાર આવે છે પછી શિબિરથી સંસ્કાર આવે છે. શિબિરમાં શીખેલું ન ભૂલીએ. સંસ્કાર હશે તો મનુષ્ય જીવનમાં ધારે તે કરી શકે છે. આપણી વાણી અને ખાણી સારી હોવી જોઈએ. પ્રભુનું સ્મરણ કરવાથી દેવ બની શકાય છે. આપણે ૨૦ વર્ષ સુધી જે સંસ્કાર ગ્રહણ કરીએ તે કાયમ ટકી રહે છે. આપણા ઘરમાં બાળકોને સંસ્કાર આપવા જરૂરી છે. ભક્તિનો માર્ગ એ શૂરાનો છે. કાયર બનશું તો જીવનમાં કંઈ જ નહીં થાય. શ્રધ્ધા અને વિશ્વાસ વગરનું જીવન નકામું છે. આપણે ધર્મને નહીં સમજીએ તો ધર્મનો નાશ થઈ જશે. ધ્યાન ધરવું તેના કરતાં ધ્યાન રાખવું જરૂરી છે.

<u>પ.પૂ. સંતશ્રી શામજીદાદા - શિબિર પ્રણેતા (પ્રેરણાપીઠ) :</u> કોઈપણ વસ્તુમાં સમજણ હોય તો ભાવ જાગે. ધર્મને સમજવો પડે, મંત્રની સમજણ લેવી પડે. તેના ફાયદા, ગુણ, રહસ્ય સમજવું પડે. સમજ્યા પછી તેનો અમલ કરવાથી ઘણો ફાયદો થાય છે. જે જે દેવના મંત્ર બોલી તેની ઉપાસના કરીએ તો તે દેવ આપણા ઉપર પ્રસન્ન રહે અને તેની કૃપા થાય. વૈખરી વાણીથી મંત્ર બોલવામાં કોઈ જ ફાયદો ન થાય. દિવા જ્યોતનો મંત્ર ભાવથી બોલીએ તો ભગવાનનાં દર્શન થાય. રાક્ષસી અણુઓ આપણા શરીરમાં પ્રવેશે છે તે બુધ્ધિ ભ્રષ્ટ કરી નાખે છે. ધુપ લોબાન અને તેના મંત્રથી રાક્ષસી અણુઓ નાશ પામી શરીર પવિત્ર બને છે. બુધ્ધિ સત્વગુણી બને છે, વિચારો ઉચ્ચ આવે છે. જમ્યા પહેલાંનો મંત્ર ભોજન સમયે બોલશું તો ભોજન પ્રસાદ બની જશે.

દરરોજ સવારે વહેલા ઉઠવું, સવારના નિત્યકર્મ કરી પરવારી દરરોજ મંદિરમાં ભગવાનનાં દર્શન કરવા જવાં, મંદિરમાં જઈ ભગવાનને પ્રાર્થના કરવી, મંત્રોથી પ્રભુની આરાધના કરવી, માળા દ્વારા ભગવાનના નામ - જાપ કરવા, દરરોજ માતાપિતાને નમસ્કાર કરવા, વડીલો અને સગાં-સંબંધી-અતિથિના આદર કરવા, હંમેશાં સાચુ બોલવું. જીવનમાં ક્યારેય ચોરી ન કરવી, કોઈપણ પ્રકારનાં વ્યસન ન કરવાં, સર્વ જીવમાત્ર ઉપર દયા રાખવી. હંમેશાં સૌના આજ્ઞાંકિત બનવું. કુસંસ્કારોથી દૂર રહેવું. આવી આવી આપણે જીવનમાં ટેક રાખશું તો જરૂર સફળતા મળશે જ અને આપણા આત્માનું કલ્યાણ

થશે. આપણે ટેક ન રાખીએ કે મંત્ર ન બોલીએ તો પશુમાં અને આપણામાં કોઈ ફેર ન રહે.

આપણે સૌ સાચા રસ્તે છીએ, વિચારોમાં ચલિત ન થતાં. મા-બાપના આપણા ઉપર ઉપકાર ઘણા છે. તેને દુઃખ દેખીને આપણને મોટા કર્યા છે. તેની સેવા કરજો. મા-બાપને દુઃખ આપશું તો ભગવાન માફ નહીં કરે. ભારતીય સંસ્કૃતિને જાળવશો.

ભગવાને આપણને કેટલી બધી સગવડો આપી છે. પવન, પાણી, પ્રકાશ અને આપણું શરીર આપ્યું છે. તે આપણી પાસે કોઈ જ વળતર માગતા નથી. ભગવાને આપણને આટલી બધી સગવડો આપી છે અને આપણે ભગવાનને યાદ ન કરીએ તો આપણે નગુણા ગણાઈએ. માટે દરરોજ સવારમાં વહેલા ઊઠી નાહી ધોઈ પરવારી મંદિરમાં જઈ ભગવાનને પ્રાર્થના કરી યાદ કરવા, જેથી ભગવાનને આટલી બધી સગવડો આપી છતાં આપણા ઉપર કૃપા વરસાવશે.

શિબિરમાંથી વાસ્તવિકતા લઈ જીવનમાં ઉતારજો અને આદર્શ બાળક બનજો. સતપંથના સૈનિક બની સતપંથનો વાવટો આખી દુનિયામાં ફેલાવવો છે. શિબિરથી ઘણાં પરિવર્તન આવ્યાં છે. બાળકોમાં ઘણા સંસ્કાર આવ્યા છે. બાળકો મંદિરમાં જવા લાગ્યાં, ખોટું બોલતા બંધ થયાં, ચોરી કરતાં બંધ થયા., માળાઓ ફેરવવા લાગ્યાં, જમ્યા પહેલાં અને જમ્યા પછીના મંત્રો બોલવા લાગ્યાં.

<u>ડો. પૂ. શ્રી હિતેશ મહારાજ - ભાગવત આચાર્ય (અધ્યક્ષશ્રી - મહાલક્ષ્મીધામ - ભૂજ) :</u> શિબિરથી બાળકોના જીવનનો પ્રારંભ થાય છે. સ્કૂલમાંથી જીવન જીવવાનું શિક્ષણ મળે છે. જ્યારે જીવન ઘડતરનું શિક્ષણ આવી શિબિરો - સત્સંગોમાંથી મળે છે. ધર્મને ટકાવવા બાળકોએ શિબિરમાં આવવું જરૂરી છે. તેને શાસ્ત્રનું જ્ઞાન આપો. સાચી સમજણ આવી શિબિરોમાંથી મળે છે. નિયમોનું પાલન કરવાની ફરજ મા-બાપની છે. સાચું જ્ઞાન બાળકોમાં આવી જશે. સાચું જ્ઞાન જીવનમાં મળી ગયું તો જીવન સુંદર બની જશે. શીખ્યા તેનું અનુકરણ કરજો.

સાચું જ્ઞાન હશે તો ધર્મ ટકશે. ઘરમાંથીજ શરૂઆત કરવી પડશે. નાનપણમાં બાલ્યાવસ્થામાં ધર્મ સમજી જવાય તો જીવન પૂર્ણ બની જાય, સાચા ધર્મિષ્ઠ બની જવાય. માતાઓ શરૂઆત કરે ધર્મને ટકાવવાની. સતપંથ સત્યનો મારગ છે, તેની ઉત્પત્તિ વેદમાંથી થઈ છે. જે સમાજમાં જ્ઞાન છે તે સમાજ ઊંચો આવે છે. પોતાના ધર્મમાં પૂર્ણ શ્રધ્ધા હોવી જોઈએ. સતપંથ સનાતન ધર્મ છે. તેની ઉત્પત્તિ અથર્વવેદમાંથી છે. અથર્વવેદ બ્રહ્માજીના મુખમાંથી આવ્યો છે. તેમાં અખંડ જ્યોતિની ઉપાસના છે. સદ્ગુરુએ દર્શાવેલો માર્ગ છે. સત્યના માર્ગે કોઈ દુઃખી થતું નથી. સાચો માણસ નિર્ભય હોય. જગત ચાલ્યું છે સત્યની સાથે.

જીવનમાં મંત્ર એક જ હોવો જોઈએ. મંત્ર મૂર્તિ (ઈષ્ટદેવ) - માળા એક જ હોવાં જોઈએ. ધર્મ એક જ હોવો જોઈએ, ધર્મ બદલાય નહીં. ગુરુ બદલાય નહીં. તમારા હૃદયમાં નારાયણ છે. અત્યારે બાહિક પ્રહારો થઈ રહ્યા છે. ચિંતા ન કરતાં સિંહના ટોળાં ન હોય. આપણે આપણી લીટી લાંબી કરવાની છે. લીટી લાંબી કરે તે મહાન છે. કોઈની લીટી ભૂંસવાની જરૂર નથી. સતપંથ સત્યછે. સતપંથ અનાદિ કાળથી છે અને રહેશે જ.

<u>શ્રી મહેશભાઈ ઠક્કર (વિશ્વ હિન્દુ પરિષદ - ભૂજ):</u> વિશ્વ હિન્દુ પરિષદ સંસ્કૃતિ અને સંસ્કાર ટકાવવા પ્રયત્ન કરે છે. સતપંથ એટલે સત્યનો પાયો. લોકો પ્રેમ કરે છે એને કે નજદીક લાગે છે. લોકો સહાય કરે છે એને કે જે ગરીબ લાગે છે. જગત ઈષ્ટની નિંદા કરે છે. આપણે સૌ વટેમાર્ગુ છીએ. શિબિરનો અર્થ છે : શિ એટલે શિક્ષણ, બિ એટલે બીજારોપણ અને ર એટલે રક્ષણ. નબળા

મનના માણસને માર્ગ મળતો નથી. તમારાં મનોબળ દૃઢ છે.

પ.પૂ. મહંતશ્રી સીવગણદાસજી મહારાજ (અથર્વવેદી સેવાશ્રમ - કાદીયા) : જીવનનું ઘડતર, જીવનની કળા આવી સુંદર શિબિરોમાંથી મળે છે. નીચનો સંગ કદી ન કરવો. આપણા વિચારો નીચ થઈ જશે. વ્યસન માણસના જીવનની બરબાદી છે. વ્યસનથી માણસ ખુંવાર થઈ જાય છે. બજારનો આહાર ન ખવાય. અપવિત્ર અન્નથી મન અપવિત્ર બને છે. વિચાર સારા હશે તો પરમાત્માની નજીક જવાશે. વડીલોની ભલામણ સારા માટે જ હોય છે.

કુટુંબ, સમાજ, રાષ્ટ્રનું બંધારણ હોય તેમ ધર્મનું બંધારણ શિક્ષાપત્રી છે. શિક્ષાપત્રીની સો ક્રિયા પાળજો. તેના આચરણથી બેડો પાર થઈ જશે. મનુષ્ય અવતાર મુક્તિનું દ્વાર છે. સદ્‌ગુણો લેવાની જરૂર છે. વિદ્યા જીવનની આંખ છે. દેવોને પ્રસન્ન કરવાની પણ વિદ્યા છે. વિદ્યા વગરનો માણસ આંધળો છે. વિદ્યા જીવનનું ભાથું છે. સેવા ભક્તિનું ચોથું અંગ છે. માવતરનો બદલો સેવા કરી આપવો. પાંચ દેવનો આશીર્વાદ મા-બાપની સેવાથી મળે છે.

પ.પૂ. મહંતશ્રી જયરામદાસજી મહારાજ (અથર્વવેદી સેવાશ્રમ - કાદીયા) : આત્માના વિકાસ માટે ધર્મના નીતિ નિયમોની જરૂર છે. સંસ્કારોનો વધારો કરી જીવન સદ્‌ભાગી બનાવીએ. વૈદિક પરંપરાથી સંસ્કાર મળે છે. શિક્ષાપત્રીથી સંસ્કાર મળે છે. હૃદય શુધ્ધ રાખશું તો સંસ્કાર મળશે. પ્રાર્થના અને નમસ્કારના મંત્રથી હૃદય ચોખ્ખું થાય છે. પ્રાર્થનામાં તાકાત છે. હૃદય મેલું હશે તો ચારિત્ર્યહીન થવાશે. તામસી આહાર ન લેવાથી હૃદય પવિત્ર રહેશે. કુસંસ્કાર નહીં ટકે. ચેતના શક્તિને જગાડવી પડશે. જેમ કમળની કળી ખીલે એમ આપણા હૃદયમાં સંસ્કારની કળી ખીલવી જોઈએ. આપણા જીવનમાં સંસ્કારનું સિંચન ન કરવામાં આવે તો જીવન વ્યર્થ બની જાય છે. જેની પાસે ધર્મ નથી, નીતિ નિયમો નથી તે દાનવ કહેવાય. ટી.વી.ના નબળા કાર્યક્રમો ન જોવા. દરરોજ મંદિરમાં જઈ એકાગ્રતાથી જ્યોતિના દર્શન કરવાં તેનાથી ચેતના શક્તિ જાગૃત થશે. મા-બાપને પગે લાગી આશીર્વાદ લેવા. માતા-પિતા પાસેથી પ્રથમ સંસ્કાર મળે છે. નાનાથી મોટા કર્યા તેનો ઉપકાર જીંદગીભર ન ભૂલવો. મા-બાપની સેવાથી અડસઠ તીર્થનું ફળ મળે છે.

શ્રી બાબુભાઈ એસ. પટેલ (પ્રેરણાપીઠ) : આ શિબિરનો હેતુ આપણામાં કુસંસ્કારો, કુવ્યસનો, કુટેવો સમયકાળ મુજબ આવતાં હોય તો તેને દૂર કરવા માટેનો છે. આપણે સૌ સંસ્કારી પરિવારના બાળકો છીએ. આપણામાં કોઈ કુસંસ્કાર હોય જ નહીં. પણ તમોને એમ થયું કે અમારામાં કોઈ ઉણપ હોય તો શિબિરોમાં જઈ એ ઉણપોને દૂર કરીએ. તમારા વિચારોને ધન્યવાદ. આપણે સૌ આપણી આ ભારતીય સંસ્કૃતિને જાળવીએ. સમાજની સંસ્કૃતિ અને ધર્મની સંસ્કૃતિને જાળવીએ. કુસંસ્કારો આપણા જીવનને નુકશાન પહોંચાડે છે. સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજે આપણને જે શિક્ષાપત્રી આપી છે તેનું શક્ય તેટલું આચરણમાં મુકી આપણા જીવનને સંસ્કારી બનાવીએ. શિક્ષાપત્રીના નિયમો જ આપણામાં સંસ્કારનું ઘડતર કરે છે.

શ્રી પુંજાભાઈ સીવગણભાઈ રામજીયાણી - માજી પ્રમુખશ્રી (દેસલપર) : સંસ્કાર માટે શિબિર છે. તમારામાં કંઈક મેળવવાની ભાવના હતી ત્યારે અહીં આવ્યાં છો.

શ્રી અરજણભાઈ સામજીભાઈ ભગત - સલાહકારશ્રી (આણંદસર) : આપણી આ વૈદિક સંસ્કૃતિ છે. તેને જાળવવાની છે. સંસ્કૃતિના આધારે વ્યસન અને ફેશનમાંથી મુક્ત બનજો. તમારી શક્તિનો ઉપયોગ ભવિષ્યમાં પરિવાર, સમાજ અને ધર્મને માટે કરજો. સંસ્કૃતિ ટકાવી રાખજો. દીકરાઓ સામાનયતઃ વ્યસની બનતા જાય છે તે દુઃખની વાત છે.

આપણા સતપંથના મંત્રોમાં તાકાત ઘણી છે. મંત્રોનાં ચિંતન - અધ્યયન કરજો. જૂઠુ ન બોલવું, આળસ ન કરવું, અણહક્કનું કોઈનું લેવું નહિ આવા નિયમોનું પાલન કરજો. મા-બાપની સેવા કરજો. સેવા કદી અફળ નહીં જાય. પશ્ચિમની સંસ્કૃતિથી દૂર રહેજો. ભાવિ પેઢી ઈતિહાસ રચે એ જ મહેચ્છા.

શ્રી શામજીભાઈ લધાભાઈ ઘોળુ - ઉપપ્રમુખશ્રી (વડોદરા - દુર્ગાપુર) : સુસંસ્કાર શિબિરથી જીવનનું ઘડતર થાય છે. સુસંસ્કાર શિબિરનો ઉદ્દેશ ફૂલની કળી નાની હોય તેને ખીલવવા માવજતની જરૂર પડે પછી તે કળી ખીલીને સુગંધીદાર ફુલ થાય તેમ નાનાં કળી જેવા બાળકોને સંસ્કારની માવજતથી ખીલવવાં પડે ત્યારે તે મોટાં થઈ સુગંધીદાર ધર્મનાં, સમાજનાં પુષ્પો બને છે. ધર્મ અને સમાજને તે ખીલેલાં પુષ્પોની સુગંધ રોશન કરે છે. ૮ થી ૧૮ વર્ષ સુધીની અવસ્થામાં જે સંસ્કારો ગ્રહણ થાય તે જીવનભર જંળવાઈ રહે છે.

શ્રી શામજીભાઈ કેસરાભાઈ છાભૈયા - મંત્રીશ્રી (રાયણ મોટી) : સંસ્કાર શિબિરના સૂત્રોનું પાલન કરીશું તો આપણું કલ્યાણ થઈ જશે. ધર્મના રક્ષણ માટે પાયાનું જ્ઞાન આવી શિબિરોમાંથી મળે છે. સતપંથ ધર્મની રક્ષા શિબિરના સંસ્કારોથી કરવાની છે. ધ્રુવ અને પ્રહલાદના સમયમાં જેવાં આક્રમણો ધર્મ ઉપર હતાં તેવાં આક્રમણો આજે છે. હિંમતથી આક્રમણોથી પાર ઉતરી જઈએ. ધર્મનું રક્ષણ કરવા તત્પર રહેવું આપણા સૌની ફરજ છે.

શ્રી વિશ્રામભાઈ જીવરાજભાઈ પોકાર (જીયાપર): જીવનનો પાયો નાનપણથી જ મજબૂત થાય છે. નાનપણથી જે થઈ શકે છે તે મોટા થઈને થઈ શકતું નથી. શિબિર આપણો પ્રાથમિક તબક્કો છે. મંત્રો ધર્મનું લેસન છે. ધર્મ ઉપર મન મગ્ન થવું જોઈએ. સવાર સાંજ મંદિરમાં જઈ જ્યોતિનાં દર્શન કરી ચરણામૃત લેવું જોઈએ. સંતો આપણા જીવનના ઉધ્ધાર માટે પ્રયત્ન કરે છે. શિક્ષાપત્રીનું અનુકરણ કરીશું તો જીવનનું કલ્યાણ થઈ જશે. ઈશ્વરના નીતિ નિયમોમાં મોળા ન પડીએ. નિયમની ખાસ જરૂર છે. નિયમનું ફળ મળશે જ.

વડીલ શ્રી મગનબાપા (નાની ખાખર) : બાળકો શિબિરોમાં જે સંસ્કાર શીખે છે તે પરિવારમાં આવે છે. શિબિરથી આપણાં આચરણ સુધારવા કોશીષ કરવી જેથી આત્મજ્ઞાન મળશે. વીસ વર્ષ સુધી જે સંસ્કાર ગ્રહણ કરશું તે આજીવન ટકી રહેશે. ગમે તેવી મુશ્કેલીમાં ધર્મ ન મૂકવો. ધર્મ મૂકશું તો ધર્મ આપણું રક્ષણ નહીં કરે. માવતરની સેવા કરવી. વ્યર્થ નહીં નહીં જાય.

શ્રી લક્ષ્મણભાઈ મેઘજીભાઈ છાભૈયા (મોટી રાયણ) : જીવનને નિષ્કલંક બનાવીએ શિબિરના સંસ્કાર ગ્રહણ કરી આપણે મહામાનવ બનીએ, મહા સતીઓ બનીએ.

શ્રી જયંતિભાઈ નાનજીભાઈ લીંબાણી (દેવપર) : સંસ્કાર શિબિર જીવનમાં ઉપયોગી છે. શિબિર ભાવિને ઉજળું બનાવે છે. સંસ્કાર સાથે ધાર્મિક સંસ્કારો જોડાય એટલે સુસંસ્કાર બને. ઉંચા વિચાર, ધ્યેય, સંકલ્પથી જરૂર નિર્ધારિત સ્થળે પહોંચાશે. મન નિશ્ચિત રાખવું. દરરોજ નિયમિત મંદિરમાં પરમાત્માના દર્શન કરવા જવું. જેથી આખો દિવસ સારો જાય. મંદિર આપણી ધાર્મિક પાઠશાળા છે. સતપંથ સત્ય છે. સતપંથ મહાધર્મ છે. અનાદિકાળથી છે. વૈદિક ધર્મ છે.

શ્રી હીરાલાલ વેલજીભાઈ ભીમાણી (દેવપર) : શિબિરના સત્સંગના માધ્યમથી સંસ્કાર આવશે. સંસ્કારથી જીવન સફળ થશે. સતપંથ ધર્મનો પાયો શિક્ષાપત્રી છે. સો ક્રિયાની શિક્ષાપત્રી જીવનમાં ઉતારવી. તેનાથી ધર્મનો પાયો મજબૂત બનશે. ધર્મમાં અડગતા અને ઈશ્વરમાં શ્રધ્ધા વધશે. આપણું જીવન સફેદ દૂધ જેવું છે તેમાં કોઈ કાળો ડાઘ ન લાગે. જેવું કર્મ કરશો તેવું ફળ મળશે.

શ્રી મનુભાઈ વસ્તાભાઈ રૂડાણી (નાના અંગીયા): ભગવાનના અમરમંત્રના નામ જાપથી આપણું જીવન અને ભાવી પેઢી ઉજ્જવળ બને છે. શ્રધ્ધાથી મંત્ર જાપ કરવાથી ઉધ્ધાર થઈ જાય છે. હાલતાં-ચાલતાં પ્રભુનું નામસ્મરણ કરવું. જેથી જીવન ઉજ્જવળ બનશે.

શ્રી જેઠાભાઈ કાનજીભાઈ સેંઘાણી (મેરાઉ) : શિબિરોમાંથી સુસંસ્કારોનું પાયાનું જ્ઞાન મળે છે. ધ્રુવ અને પ્રહલાદ જેવાએ શિબિરોમાં જઈ જ્ઞાન લીધું અને માત-પિતાના નામ રોશન કર્યા. ધ્રુવ - પ્રહલાદે માતાના સંસ્કાર ગ્રહણ કર્યા હતા. ધર્મને ટકાવવા મીરાં અને લક્ષ્મીબાઈ જેવું બનવું પડશે. સંતો આપણા માટે સંસ્કારો આપવા જીવન ખર્ચી નાખે છે.

શ્રી રવજીભાઈ જીવરાજભાઈ (વિગોડી) : આપણે અહીં શિબિર દ્વારા સંસ્કારનું આધ્યાત્મિક જ્ઞાન લેવા આવ્યાં છીએ. નામ ગુણ શ્રેષ્ઠ છે. સંતોના જીવન અને આચરણમાં પ્રેરણા લઈએ. ધર્મને માટે ગમે તેટલી કસોટી આવે પણ અડગ રહીએ. ઈતિહાસમાં નામ અમર થઈ જશે. સેવાગુણ શ્રેષ્ઠ છે.

શ્રી અશોકભાઈ હિંમતભાઈ માકાણી (કોટડા - ચકાર) : ભારતમાં સંસ્કાર અને સંસ્કૃતિ છે વિદેશમાં નથી. ઋષિમુનિઓએ આપ્યું તે વિજ્ઞાન નથી કરી શક્યું. ભારત દેશ સંતોથી ટકી રહ્યો છે. જગતનું કલ્યાણ સંતોથી થાય છે. તેઓ બીજા માટે જાત ઘસી નાખે છે. આપણે મા-બાપના ઋણી છીએ. નાનપણથી લઈ યુવાવસ્થા સુધી આપણી તેમને સેવા કરી છે. તેને દુઃખી ન કરતા આપણા મા-બાપને દુઃખી કરીએ અને મા-બાપ ના ઠર્યા તો એ લાખ નહીં પણ રાખ બરાબર છે. આજે સમયકાળમાં સંસ્કાર - સંસ્કૃતિ ઘટી રહ્યાં છે.

પૂ. સાધ્વી શ્રી ગોમતીબેન (વિથોણ) : આપણે અહીં સંસ્કાર લેવા આવ્યાં છીએ. ધ્રુવ - પ્રહલાદ જેવા સંસ્કારો ગ્રહણ કરજો. ઈતિહાસમાં નામ અમર થઈ જશે. જુઠુ કદી ના બોલવું. સત્યનો જય થાય છે. જુઠુ બોલશું તો દુઃખી થઈ જઈશું અને હેરાન થઈ જઈશું. ખોટું બોલશું તો દુનિયા આપણી કદર નહીં કરે અને સમાજમાંથી આપણું નામ ભુંસાઈ જશે.

શ્રીમતી સાવિત્રીબેન પ્રવિણભાઈ જાદવાણી (નવાવાસ - રવાપર) : અહીં શિબિરમાં આપણને સંસ્કાર મળ્યા છે. શિબિર સો ટકા સફળ રહી છે. જ્ઞાનરૂપી હથોડાથી સંસ્કાર કેળવાય છે. શિબિરમાંથી મેળવેલા સંસ્કાર જાળવશું તો ધર્મ બચશે. પ્રભુ પાસે એટલું માગવું કે ભક્તિ સાથે શક્તિ આપજે. તો જ સતપંથ ધર્મ બચી શકશે. જીવનમાં કોઈપણ કાર્ય કરતા હોઈએ પણ સતપંથ ધર્મને ઉપયોગી થવું જોઈએ. આપણને મહાધર્મ મળ્યો છે તેને ઉજળો કરવાનો છે. જેથી તેની મહેંક આખા વિશ્વમાં ફેલાય. ધર્મને સાચવવા યુવાનો નીડર બને.

તા. ૨૩-૫-૨૦૧૧ ના રોજ બાલ-બાલિકા સંયુક્ત સુસંસ્કાર શિક્ષણ શિબિરના સમાપન પ્રસંગે પ.પૂ. જગદ્‌ગુરુ સતપંથાચાર્યા શ્રી નાનકદાસજી મહારાજે, પ.પૂ. સંતશ્રી સીવગણદાસજી મહારાજે, પ.પૂ. સંતશ્રી જયરામદાસજી મહારાજે, શિબિર પ્રણેતા પૂ. સંતશ્રી શામજીદાદાએ તેમના વરદ્ હસ્તે શિબિરાર્થી બાલિકાઓ અને બાલમિત્રોને, તજજ્ઞો, પ્રબંધકો, સ્વયંસેવકો, સંરક્ષકો, જલ પ્રબંધકો, સમય પ્રબંધકો, સભાખંડ વ્યવસ્થાપક મિત્રોને પ્રમાણપત્રો તથા પુરસ્કાર વિતરણ કરી આશીર્વાદ પાઠવ્યા હતા તથા વિશિષ્ટ બાલ-બાલિકાઓને પ્રોત્સાહિત કર્યા હતાં.

શિબિર સમાપન પ્રસંગે શિબિરાર્થી બાલ-બાલિકાઓએ શિબિર દરમ્યાન થયેલા પોતાના અનુભવો અને શીખેલા મંત્રો નિખાલસ ભાવે રજુ કર્યા હતા. તે સાંભળી પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી

નાનકદાસજી મહારાજ તથા સર્વ સંતો, પૂ. શ્રી શામજીદાદા, પૂ. મહાનુભાવો, પૂ. વડીલો તેમજ શિબિરાર્થીઓ સૌ ભાવવિભોર બની ગયા હતા. પૂ. શામજીદાદાના માર્ગદર્શન મુજબ સંચાલકો, તજજ્ઞ ભાઈઓ તથા બહેનોએ સુંદર કામગીરી બજાવી હતી.

ઉપરોક્ત બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિર પ્રસંગે દાનવીર દાતાઓ, બ્રહ્મભોજનના દાતાઓએ જે ધર્મલાભ લીધો તેમને સૌ સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા.

ઉપરોક્ત બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિર પ્રસંગે દાનવીર દાતાઓ તેમજ બ્રહ્મભોજનના દાતાઓમાં સર્વશ્રી કોટડા આ. સતપંથ સમાજ - હ. અશોકભાઈ (કોટડા - ચકાર, આ.), શ્રી દેસલપર (વાંઢાય) સતપંથ સમાજ - હ. રતનશીભાઈ માવાણી (દેશલપર - વાંઢાય), જનકપુર સતપંથ સમાજ - હ. નાનજીભાઈ સોમજી માવાણી (જનકપુર), શ્રી હરિઓમ સેવા મંડળ - હ. બાબુભાઈ (આણંદસર), શ્રી અંબાલાલ કાનજીભાઈ ધોળુ (ભૂજ), શ્રી પ્રેમજીભાઈ દેવજીભાઈ સેંઘાણી (મેરાઉ - ભૂજ) શ્રી જીયાપર સતપંથ સમાજ - હ. વિશ્રામભાઈ જીવરાજભાઈ (જીયાપર), શ્રી દેવપર - યક્ષ સતપંથ સમાજ - હ. જયંતિભાઈ નાનજી લીંબાણી (દેવપર - યક્ષ), શ્રી કાનજીભાઈ રત્નાભાઈ લીંબાણી (દેવપર - યક્ષ), શ્રી હરજીભાઈ વાલજીભાઈ રૂડાણી (મંગવાણા - સામાપર), શ્રી ટોડીયા સતપંથ સમાજ - હ. રામજી કાનજી મુખી (ટોડીયા), શ્રી કાન્તીલાલ અરજણભાઈ પોકાર (નાની ખાખર), શ્રી ભેરૈયા સતપંથ સમાજ - હ. કરસનભાઈ કરમશીભાઈ પારસીયા (ભૈરૈયા), શ્રી લક્ષ્મીપર (નેત્રા) સતપંથ સમાજ - હ. કરસનભાઈ રામજીભાઈ રામાણી (લક્ષ્મીપર - નેત્રા) વગેરે તેમજ મંડપ વ્યવસ્થાના દાતાશ્રી કોટડા ઉ. સતપંથ સમાજ - હ. ધનજીભાઈ દેવજીભાઈ (કોટડા ચકાર ઉ.), તથા સાઉન્ડ સીસ્ટમના દાતાશ્રી રાયણ સતપંથ સમાજ, હ. મુખી નારણ મેઘજી છાભૈયા (રાયણ મોટી) વગેરે દાતાઓએ આ પ્રસંગે ધર્મલાભ લીધો હતો.

અંતમાં સમગ્ર શિબિર દરમ્યાન આયોજકો, દાનદાતાઓ, બ્રહ્મભોજનના દાતાઓ, સ્વયંસેવકો, સેવાધારી વડીલો તેમજ નામી-અનામી જેમણે શિબિરને સફળ બનાવવામાં સહયોગ સેવા આપી તે સૌને પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ તથા ઉપસ્થિત સૌ સંતોએ અંતઃકરણપૂર્વક આશીર્વાદ પાઠવ્યા હતા.

શિબિરની આછી રૂપરેખા :

આ વર્ષે ઉનાળુ વેકેશનમાં શ્રી નિષ્કલંકી ધામ- નખત્રાણા સ્થાનકે યોજાયેલ બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિરની આછી રૂપરેખા નીચે પ્રમાણે રહી.

તા. ૧૮-૫-૨૦૧૧ થી તા. ૨૩-૫-૨૦૧૧ સુધી બાલ-બાલિકાની સંયુક્ત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વય મર્યાદા ૧૦ વર્ષથી ૧૮ વર્ષ સુધીની.

શિબિરાર્થી બાલિકાઓ :

કુટિર સંખ્યા	:	૨૦
શિબિરાર્થી બાલિકાઓની સંખ્યા	:	૨૫૧
તજજ્ઞ બહેનો	:	૨૦
મદદનીશ તજજ્ઞ બહેનો	:	૨૦
મુખ્ય પ્રબંધક બહેનો	:	૦
બ્રહ્મભોજન પ્રબંધક બહેનો	:	૧૩
સંરક્ષક બહેનો	:	૦
જલ પ્રબંધક બહેનો	:	૦
સમય પ્રબંધક બહેનો	:	૨
સભાખંડ વ્યવસ્થાપક બહેનો	:	७

કુલ બાલિકાઓ	:	૩૩૩
વિશિષ્ટ બાલિકાઓ	:	**૫૯**

આ શિબિર દરમ્યાન શિબિરાર્થી બાલિકાઓએ નિત્યકર્મ, દેવ દર્શન, પૂજાપાઠના ઉપયોગમાં આવતા મંત્રો = ૨૯૨૨, સદ્‌ગુરુની શિખામણ = ૭૪૨૪, સંસ્કૃતના શ્લોકો = ૯૧૦, માળાઓ = ૪૦૭, પ્રશ્નો = ૧૦૪૧, કંઠસ્થ કરેલ તથા ૧૧ પ્રતિજ્ઞાઓ પૈકી કુલ = ૧૯૮૧ પ્રતિજ્ઞાઓ લીધેલી.

શિબિરાર્થી બાલમિત્રો :

કુટિર સંખ્યા	:	૧૬
શિબિરાર્થી બાલમિત્રોની સંખ્યા	:	૧૯૭
તજજ્ઞ મિત્રો	:	૧૬
મદદનીશ તજજ્ઞ મિત્રો	:	૧૮
મુખ્ય પ્રબંધક મિત્રો	:	૨
બ્રહ્મભોજન પ્રબંધક મિત્રો	:	૩૫
સંરક્ષક મિત્રો	:	૦
જલ પ્રબંધક મિત્રો	:	૦
સમય પ્રબંધક મિત્રો	:	૦
સભાખંડ વ્યવસ્થાપક મિત્રો	:	૦
કુલ બાલ મિત્રો	:	૨૮૪
વિશિષ્ટ બાલમિત્રો	:	**૧૯**

આ શિબિર દરમ્યાન શિબિરાર્થી બાલમિત્રોએ નિત્યકર્મ, દેવદર્શન, પૂજાપાઠના ઉપયોગમાં આવતા મંત્રો = ૧૫૧૪, સદ્‌ગુરુની શિખામણ = ૨૫૬૦, સંસ્કૃતના શ્લોકો = ૬૦૨, માળાઓ ૩૧૬, પ્રશ્નો = ૫૧૫, કંઠસ્થ કરેલ તથા ૧૧ પ્રતિજ્ઞાઓ પૈકી કુલ = ૧૪૪૪ પ્રતિજ્ઞાઓ લીધેલી.

સમગ્ર શિબિરો દરમ્યાન શિબિરમાં ભાગ લેતાં નાના બાળકોને અભ્યાસ માટે ફક્ત ૯ કલાક અને ૪૫ મિનિટનો જ સમય ફાળવવામાં આવેલો હતો. છતાં બાળકોએ ટૂંકા સમયમાં મંત્રો કંઠસ્થ કર્યા તે ખરેખર પ્રસંશનિય છે.

તા. ૨૫-૪-૨૦૧૧ થી તા. ૫-૫-૨૦૧૧)

(પ્રેરણાપીઠ - પીરાણા)

તા. ૧૮-૫-૨૦૧૧ થી તા. ૨૩-૫-૨૦૧૧)

(શ્રી નિષ્કલંકીધામ - નખત્રાણા)

શિબિર સમયે પ્રાસંગિક :

❖ દૈનિક અભ્યાસક્રમમાં શિસ્ત, સંયમ, સમય પાલન, નિત્યપૂજાની સાચી રીત, મંત્રો, શિક્ષાપત્રી જેવાં પાસાંઓને કેન્દ્રમાં રાખીને તેમજ પ્રાર્થના, ધ્યાન, વ્યાયામ માટેની જરૂરી કેળવણી આપવામાં આવી.

❖ બૌધિક રમતો, કિર્તન, વક્તૃત્વ, નાટકો, ભજન, ગરબા, મિમિક્રી જેવા હળવા હેતુલક્ષી જ્ઞાનસભર મનોરંજન કાર્યક્રમોથી પણ શિબિરાર્થીઓની શક્તિ ખીલવવાનો પ્રયાસ રહ્યો.

❖ શિબિરાર્થીઓમાં ચારિત્ર્ય અને મનોબળની ઈમારત વધુ મજબૂત બને તે માટે અનુભવી સંતો, ચિંતકો અને મહાનુભાવોનાં પ્રવચનો પણ પીરસાયાં.

❖ "સતપંથ નિત્ય પ્રાર્થના પાઠ" પુસ્તિકાનો અભ્યાસક્રમ વય જૂથ પ્રમાણે નક્કી કરી, ધોરણ પ્રમાણે વિભાજન પાડી, કુટીરો બનાવી, પરીક્ષા લઈ તમામ પાસ થયેલાં શિબિરાર્થી બાલ-બાલિકાઓને આ પ્રસંગે બિરાજમાન સંતો, મહાનુભાવો, વડીલશ્રીઓ તેમજ પધારેલ સતપંથ જનસમુદાય વચ્ચે પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના વરદ્ હસ્તે પ્રમાણપત્રો અને પુરસ્કારનું યોગ્યતા પ્રમાણે વિતરણ કરવામાં આવ્યું હતું.

❖ શિબિર સમાપન સમારોહ પ્રસંગે દસ દિવસમાં શિબિરાર્થી બાલ-બાલિકાઓએ કેટલું ગ્રહણ કર્યું અને આયોજકો તેમજ તજજ્ઞ મિત્રોએ કેટલી મહેનત કરી તે શિબિરાર્થી બાળકોએ મંચ ઉપર માઈક પાસે જઈ શિબિર સમયે શીખેલા શ્લોકો, સ્તુતિઓ, મંત્રો, પ્રાર્થના, આરતી, સદ્‌ગુરુશ્રીની શિક્ષાપત્રી તેમજ શિબિર અંગેના પોતાના અનુભવો અને અભિપ્રાયો રજૂ કર્યા તે સાંભળી ઉપસ્થિત સંતો, મહાનુભાવો, વાલીઓ, વડીલો આનંદથી ભાવવિભોર બની ગયા હતા.

◈ સમાપન સમારોહ પ્રસંગે શિબિરાર્થીઓએ શાંતિ જાળવી શિબિરમાંથી મેળવેલ સંસ્કારનું ઉદાહરણ પુરુ પાડ્યું હતું. શિબિરાર્થી બાલ-બાલિકાઓનો ઉત્સાહ અનેરો હતો.

દૈનિક કાર્યક્રમ :

દરરોજ વહેલી સવારે ૫-૦૦ કલાકે શિબિરાર્થીઓ જાગૃત થઈ નિત્યક્રમથી પરવારી ૬-૦૦ કલાકે પ્રાર્થના, ધ્યાન, આરતીમાં પહોંચી જતાં, પછી ૬-૩૦ કલાકે અલ્પાહાર ચા-પાણીને ન્યાય આપ્યા બાદ ૭-૩૦ કલાકે સૌ પોત પોતાની કુટીરોમાં શિબિર અભ્યાસક્રમ માટે પહોંચી જતાં. એક એક કલાકના અભ્યાસક્રમ પછી વચ્ચે પંદર મિનિટની રિશેષ રાખવામાં આવતી હતી. બરાબર ૧૦-૦૦ થી ૧૧-૦૦ કલાક (એક કલાક) સુધી સંતો અને મહાનુભાવોનાં પ્રવચનો શ્રવણ કરીને અધ્યયન કરતાં. બપોરે ૧૧-૦૦ થી ૩-૦૦ કલાક સુધી ભોજન અને વિરામ કર્યા બાદ ફરી ૩-૦૦ કલાકે બીજા સત્રનો અભ્યાસક્રમ ચાલુ થતો હતો. સાંજના ૫-૦૦ થી ૬-૦૦ કલાક (એક કલાક) સુધી મહાનુભાવોનાં પ્રવચન રહેતાં. પછી સંધ્યા આરતી થતી ૭-૦૦ થી ૮-૦૦ કલાકે ભોજન પ્રસાદ લીધા પછી ૮-૦૦ થી ૯-૩૦ કલાક સુધી સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવતો....આ પ્રમાણે દૈનિક કાર્યક્રમ રહેતો હતો.

શિબિરાર્થીઓની સમીક્ષા :

◈ શિબિરાર્થી બાલ-બાલિકાઓ શિબિરમાં ખૂબ જ ઉત્સાહી અને પ્રફુલ્લિત જણાયાં. શિબિરમાંથી કંઈક મેળવ્યાના ભાવ દૃષ્ટિગોચર થતા હતા.

શિબિરાર્થી બાલ-બાલિકાઓના શિબિર દરમ્યાનના પ્રતિભાવાત્મક ઉદ્ગારો હતા કે :

◈ વેકેશનમાં અને રજાઓના દિવસોમાં ખાવું, સુવું, અને ફરવું આવી પ્રવૃત્તિઓ હતી પણ હવે સમયની કિંમત સમજાઈ કે આપણા જીવનને માટે તેમજ ધર્મને માટે કંઈક કરવું. ◈ આત્મવિશ્વાસ અને શ્રધ્ધા વધ્યાં કે અમે પણ કંઈક કરી શકીશું. ◈ સમુહમાં રહેવા-જમવાના વિશિષ્ટ અનુભવથી ભાવાત્મિક એકતાના ચારિત્ર્યનું ઘડતર થયું. ◈ સવારે વહેલા ઉઠવાની ટેવ પડી. ◈ જીવનમાં આગળ આવવા પ્રાર્થનાનો અગાધ મહિમા સમજાયો. ◈ અમારી લઘુતાગ્રંથી તૂટી. ◈ માતા-પિતાના ઉપકારોનાં ઋણ સ્વીકાર કરવાની પ્રેરણા મળી.

શિબિર પ્રયોજન :

બાલ-બાલિકાઓનાં ચારિત્ર્યનું ઘડતર થાય, ધર્મ પ્રત્યેની એમની શ્રધ્ધા વધે, અભ્યાસમાં સફળતા પ્રાપ્ત કરે, એમના વ્યક્તિત્વનો વિકાસ થાય તેમજ પ્રેરણાપીઠ સંસ્થા અને સતપંથ સંપ્રદાય વિષે કંઈક અવનવું જાણે, સતપંથ સંપ્રદાયનું ભાવિ ઉજ્જવળ બને અને સાથે સાથે રાષ્ટ્રનું પણ કલ્યાણ થાય તે જ માત્ર ઉદ્દેશ રહ્યો છે.

ઉપરોક્ત શ્રી સતપંથ બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિર પ્રસંગે બાળકોને સુસંસ્કાર શિક્ષણ આપવા જે જે સંતો, મહાનુભાવો, આયોજકો, શિક્ષકશ્રીઓ, તજજ્ઞો, સ્વયંસેવકો, પ્રબંધકો, શિબિરાર્થી બાળકો, સેવાભાવી વડીલો, સેવાભાવી કાર્યકરો, સંસ્થાના કર્મચારીગણ તેમજ જાણ્યે અજાણ્યે જેમણે શિબિરોને સફળ બનાવવા માટે સહયોગ આપ્યો તે સર્વનો શિબિર પ્રણેતા પૂ. શ્રી શામજીદાદાએ ખરા અંતઃકરણથી લાગણીસભર આભાર માન્યો હતો.

●●●

નમ્ર નિવેદન

આથી સર્વ સતપંથી બંધુઓને સાદર જણાવવાનું કે સતપંથ ધર્મના વિકાસ માટે અને આચાર સંહિતાની એકરૂપતા માટે તથા તેના સાહિત્ય અંગેની સમજ માટે આપનાં યોગ્ય સૂચનો અને સુઝાવ સુવાચ્ય અક્ષરે લખીને સતપંથ પ્રકાશન સમિતિના કાર્યાલયમાં તા. ૩૦-૬-૨૦૧૧ સુધીમાં મોકલી આપવા નિવેદન છે.

લી.

કરમશીભાઈ (બચુ) ગોવિંદભાઈ પટેલ -હિંમતનગર

ધર્મ જાગૃતિ અભિયાન સમિતિ વતી,

પધાર્યા જગદ્‌ગુરુ આશીર્વાદ આપવા..

શ્રી નિષ્કલંકીધામ - નખત્રાણા (તા. ૨૨/૨૩-૫-૨૦૧૧)

- શ્રી શામજીભાઈ લધાભાઈ ધોળુ - વડોદરા.

તા. ૧૮-૫-૨૦૧૧ થી તા. ૨૩-૫-૨૦૧૧ સુધી શ્રી સતપંથ બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિર શ્રી નિષ્કલંકી ધામ - નખત્રાણા ખાતે યોજવામાં આવી હતી. તેમના સમાપન સમારોહ પ્રસંગે પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ સૌ સુસંસ્કાર શિક્ષણ શિબિરમાં બાલ-બાલિકાઓને આશીર્વાદ આપવા તા. ૨૨/૨૩-૫-૨૦૧૧ના દિવસે કચ્છમાં પધાર્યા હતા.

આ પ્રસંગને અનુલક્ષી તા. ૨૨-૫-૨૦૧૧ના દિવસે સાંજે ૬-૦૦ કલાકે પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ પધારેલા ત્યારે તેમનું અંગીયા બસ સ્ટેશને શ્રી સતપંથ સનાતન સમાજ કચ્છ સેવા સમિતિના આયોજન દ્વારા પંદર જેટલા મોટરકારો તથા પચાસ જેટલી મોટરસાઈકલ દ્વારા ભવ્ય રેલી દ્વારા સ્વાગત કરી આવકાર્યા હતા. ત્યારબાદ પૂ. જગદ્‌ગુરુશ્રીનું રાત્રિ નિવાસ માટે અથર્વવેદી સેવાશ્રમ કાદીયા મોટા સ્થાનકે પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

બાદમાં બીજા દિવસે તા. ૨૩-૫-૨૦૧૧ના દિવસે શ્રી સતપંથ બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિરના સમાપન સમારોહ પ્રસંગે પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજને દસ મોટરકાર અને પચાસ મોટરસાઈકલની રેલી સ્વરૂપે કાદીયા અથર્વવેદી સેવાશ્રમથી શ્રી નિષ્કલંકીધામ - નખત્રાણા સ્થાનકે પ્રસ્થાન કરાવવામાં આવ્યું. જ્યાં ૮-૩૦ કલાકે પ.પૂ. જગદ્‌ગુરુ તથા અન્ય સંતોનાં આગમન સાથે ભવ્ય સ્વાગત સામૈયા કરવામાં આવ્યાં હતાં. ત્યારબાદ શિબિર સમાપન સમારોહ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજે શિબિરાર્થી બાલ-બાલિકાઓને તેમના અભ્યાસ અને શિખેલા મંત્રોનું અવલોકન કરી હૃદયપૂર્વક આશીર્વાદ પાઠવ્યા હતા.

શિબિર આયોજનની સફળતા માટે શ્રી સતપંથ સનાતન સમાજ કચ્છ સેવા સમિતિના આયોજકો પ્રમુખશ્રી - રતનશીભાઈ લાલજી, ઉપપ્રમુખશ્રી - શામજીભાઈ લધ્ધા ધોળુ, મંત્રીશ્રી- શામજીભાઈ કેસરા છાભૈયા તેમજ સમિતિના સદસ્યશ્રીઓનો પણ આભાર માની ખૂબ ખૂબ આશીર્વાદ પાઠવ્યા હતા. નામી-અનામી સેવકો - સંયોજકોને પણ આશીર્વાદ પાઠવ્યા હતા.

●●●

શ્રીમદ્ દશાવતાર કથા

શ્રી નિષ્કલંકીધામ - કાઠેમળા, મહાલક્ષ્મીનગર (પંચવટી) - નાશિક

(તા. ૧૩-૪-૨૦૧૧ થી તા. ૧૯-૪-૨૦૧૧)

- ચીમનલાલ ડી. વેલાણી, પંચવટી - નાશિક.

નાશિકમાં "શ્રી નિષ્કલંકી ધામ" કાઠેમળા, મહાલક્ષ્મી નગર - પંચવટી મુકામે તા. ૧૩-૪-૨૦૧૧ થી તા. ૧૯-૪-૨૦૧૧ સુધી સંગીતમય શ્રીમદ્ દશાવતાર કથા સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાસપીઠ ઉપર ફૈજપુર મંદિરના ગાદીપતિ પ.પૂ. મહંતશ્રી જનાર્દનજી મહારાજ બિરાજમાન હતા.

તા. ૧૩-૪-૨૦૧૧ને બુધવારના સવારના સાત વાગે ઉમિયા નિવાસ નાશિક રોડથી પોથીના યજમાન અને નાશિક સતપંથ પરિવારના પ્રમુખશ્રી મગનભાઈ ભગતના નિવાસ સ્થાનેથી મોટવાણી રોડથી, દત્તમંદિર ચોક સુધી અને ત્યારબાદ ત્યાંથી પંચવટી વિસ્તારમાં આડગાંવ નાકાથી કાઢવામાં આવી હતી. સવારના ૧૧-૧૫ કલાકે શોભાયાત્રા શ્રી નિષ્કલંકી ધામ, મહાલક્ષ્મીનગર મુકામે કથા સ્થળે પહોંચી. શોભાયાત્રામાં ચાર યુગ પ્રમાણે ચાર વેદ - ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદના સંદેશ આપવામાં આવ્યા. ઋગ્વેદનો સંદેશો આપનારી બહેનોએ લાલ સાડી પહેરી હતી. યજુર્વેદનો સંદેશ આપનારી બહેનોએ પીળા કલરની સાડી પહેરી હતી. સામવેદનો સંદેશ આપનારી બહેનોએ વાદળી રંગની સાડી પરીધાન કરી હતી અને અથર્વવેદનો સંદેશ આપનારી બહેનોએ સફેદ રંગની સાડી પરીધાન કરી હતી. ભાઈઓએ સફેદ વસ્ત્રો પહેર્યા હતાં. રસ્તામાં આકર્ષક રંગોળી પૂરવામાં આવી હતી. સજાવેલી બગીમાં પ.પૂ. મહંતશ્રી જનાર્દનજી મહારાજ બિરાજમાન થયા હતા. "ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનની જય" થી નાશિક નગરી ગુંજી ઉઠી હતી. શોભાયાત્રામાં શ્રધ્ધાળુઓનાં શિસ્ત તથા એકતા વખાણવા લાયક હતા.

કથામાં શ્રી મત્સ્ય અવતાર તથા ભક્ત રૂખમાગત ચરિત્ર, શ્રી કુર્મ અવતાર અને ભક્ત અમરિષ ચરિત્ર, શ્રી વરાહ અવતાર અને ભક્ત ધ્રુવનું ચરિત્ર, શ્રી નરસિંહ અવતાર અને ભક્ત પ્રહલાદનું ચરિત્ર, શ્રી વામન અવતાર અને ભક્ત કમળાધેન ચરિત્ર, શ્રી પરશુરામ અવતાર અને ભક્ત કમળાપતિનું ચરિત્ર, શ્રી હરિશ્ચંદ્ર ચરિત્ર, શ્રી રામ અવતાર - સીતા સ્વયંવર અને શબરી ચરિત્ર, શ્રી કૃષ્ણ અવતાર - શ્રી કૃષ્ણ જન્મોત્સવ, શ્રી કૃષ્ણલીલા વગેરે પ્રસંગોનું આબેહુબ વર્ણન પ.પૂ. મહંત શ્રી જનાર્દન મહારાજે તેમની ભાવવાહી શૈલીમાં કર્યુ હતું. પ્રસંગને અનુરૂપ શ્રોતાઓને ક્યારેક રડાવ્યા હતા તો ક્યારેક ગમ્મત સાથે જ્ઞાન પીરસી હસાવ્યા હતા. રૂક્મણી વિવાહ પ્રસંગે વાસ્તવિક જીવનના ત્રણ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યાં હતાં.

શ્રી બુધ્ધ અવતાર અને પાંડવોના સ્વર્ગારોહણનો પ્રસંગ પણ અદ્ભૂત રીતે વર્ણવ્યો હતો. સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની કલિયુગ વિશેની આગમવાણી સાંભળી શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા હતા. છેલ્લા દિવસે અંતિમ દશમો અવતાર શ્રી નિષ્કલંકી નારાયણની અદ્ભૂત ઝાંખી કરાવી હતી. કથા દરમ્યાન વિવિધ પ્રસંગોનું જીવંત પાત્રો દ્વારા અદ્ભૂત નિરુપણ કરાવવામાં આવ્યું હતું.

ચોથા દિવસે સ્વામિનારાયણ મંદિરના સ્વામીજી શ્રી પુરાણી સ્વામી કથામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું કે સતપંથ સંપ્રદાય અને સ્વામિનારાયણ સંપ્રદાય બન્ને સરખા જ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે ભારતભરમાં વિચરણ કરતા હતા ત્યારે સતપંથ સંપ્રદાયની મુળપીઠ એવી પ્રેરણાપીઠ પીરાણાની પણ મુલાકાત

લીધી હતી.

કથામાં નાશિક શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો, સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રીઓ, નગરસેવકશ્રીઓ તથા અન્ય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા તથા મહારાજશ્રીનું સન્માન કર્યું હતું. કથાના આયોજનને તેમણે વખાણ્યું હતું.

કથા દરમ્યાન દરરોજ અન્નક્ષેત્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. નાશિક શહેરમાં વસતા મરાઠી સતપંથી ભાઈઓ પણ મોટી સંખ્યામાં હાજર રહી સંપૂર્ણ સાથ સહકાર આપ્યો હતો. મુંબઈ, પુના, કોલ્હાપુર, કર્ણાટક, ફૈજપુર, જલગાંવ તથા ગુજરાતમાંથી પણ મોટી સંખ્યામાં ભાવિક હાજર રહ્યા હતા. શહેરમાં આમંત્રણ માટે પ.પૂ. મહંતશ્રી જનાર્દનજી મહારાજના ફોટા સાથેના મોટા હોર્ડીંગ્સ અગત્યના સ્થળોએ લગાવવામાં આવ્યાં હતાં.

વર્તમાનપત્રો, લોકમત, ગાંવકરી, પુષ્ણનગરી, સકામ, દેશદુત, ભ્રમર વગેરેમાં પણ દરરોજ કથાનો અહેવાલ છાપતા હતા.

સમગ્ર કથાનું સ્થાનિક કેબલ નેટવર્કમાં જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

તા. ૧૬-૪-૨૦૧૧ના રાત્રે દેવાયત મહારાજ સમાધિમંદિરના મહંતશ્રી 'ધનગીરી મહારાજ'નો સંતવાણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મહારાજશ્રીના ભજનો સાંભળી શ્રોતાઓ નાચી ઉઠ્યા હતા.

કથાના અંતમાં સમગ્ર દશઅવતારની કથાનું સારરૂપ માત્ર છ મિનિટમાં નૃત્ય નાટિકા દ્વારા નાશિકની દીકરીઓએ પ્રસ્તુત કર્યું હતું. જે ખરેખર ધન્યવાદને પાત્ર હતું.

કથા દરમ્યાન લોકો કથામાં એટલા ઓતપ્રોત થઈ ગયા હતા કે સાત દિવસ કેમ વીતી ગયા તે પણ ખ્યાલ રહ્યો નહીં.

●●●

સ્નેહમિલન સમારોહ

કડોદરા - સુરત (તા. ૧-૫-૨૦૧૧)

'ગુજરાત નિર્માણ દિન' એટલે ૧-૫-૨૦૧૧ના દિને સૌ સ્નેહીજન કડોદરા કચ્છ કડવા પાટીદાર સમાજ કડોદરા (સુરત) પાટીદાર ભવનમાં સ્નેહ મિલન યોજવામાં આવેલ તેમાં ભરૂચ, નડીયાદ, અંકલેશ્વર, સુરત, કામરેજ, કડોદરા, નવસારી, બિલીમોરા, વાપી, ચીખલી, વલસાડ, ભેસ્તાન, માંડવી તેમજ આજુબાજુના ૫૦૦ થી વધુ સંખ્યામાં સૌ સ્નેહીજનો પધારેલ હતા.

આ સ્નેહમિલન યોજવાનો હેતુ સમાજમાં વર્તમાન સમયમાં ચાલી રહેલ ધાર્મિક અને સામાજીક પ્રશ્નો બાબત અંગેની ચર્ચા અને સૌ સાથે મળી એકરૂપતા, એક વિચાર તરફ સૌનું સારૂ થાય તે હતો. આ પ્રસંગે સૌએ પરમાત્મા સર્વને સદ્‌બુધ્ધિ આપે એવી પ્રભુને સાથે મળીને પ્રાર્થના રૂપી શાંતિનો સંદેશ 'કરે પ્રાર્થના સ્નેહીજન' થી શરૂઆત કરી હતી.

આ ઉપરાંત સૌ સ્નેહીજનોના મંતવ્યો લીધા બાદ ધાર્મિક કાર્યક્રમ, યોગ શિબિર, જ્ઞાનવર્ધક શિબિર, સંતવાણી જેવા કાર્યક્રમો કરવા જેથી ધર્મમાં જાગૃતિ વધે, બાળ શિબિરનું આયોજન, સરસ્વતી પુરસ્કાર, લગ્ન, સગપણને નડતરરૂપ સમસ્યામાં એક બીજાને આર્થિક, સામાજિક રીતે મદદરૂપ થવું, ઉપરોક્ત સૂચનો સ્ત્રી શક્તિ તરફથી ખૂબ જ પ્રેરકરૂપ રહ્યા હતાં.

કાર્યક્રમના અંતે રાષ્ટ્રગીત ગાઈ સમુહ ભોજન (વાળુ) કરી છુટા પડ્યા હતા. છેલ્લે "સત્યને પરેશાન કરી શકાય પરંતુ, પરાજય ન કરી શકાય". ●●●

શ્રીમદ્ દશાવતાર કથા

મોટી રાયણ - કોલીયણ વાડી, તા. માંડવી - કચ્છ

(કથા પ્રારંભ તા. ૨૨-૪-૨૦૧૧ - પૂર્ણાહૂતી તા. ૨૮-૪-૨૦૧૧)

- સંકલન : સામજીભાઈ લધ્ધાભાઈ ધોળુ - વડોદરા અને જેઠાલાલ કાનજીભાઈ - મેરાઉ

શ્રી કચ્છ કડવા પાટીદાર સતપંથ સેવા સમિતિના સહયોગથી દશાવતાર કથા

વ્યાસપીઠ પર બિરાજમાન પ.પૂ. મહંતશ્રી જનાર્દનજી મહારાજ - ફૈજપુર - મહારાષ્ટ્ર

તા. ૨૨-૪-૨૦૧૧ ના સવારમાં ૯-૦૦ કલાકે શોભાયાત્રા, પોથીયાત્રા ત્યારબાદ ધર્મસભા અને સંતોનાં આશીર્વચન.

બપોર બાદ કથાની શુભ શરૂઆત પ.પૂ. મહંતશ્રી જનાર્દનજી મહારાજના સ્વમુખે કથાની ભક્તિધારાની શરૂઆત કરવામાં આવેલ અને ક્રમાનુસાર વિષ્ણુ ભગવાનના દસે અવતારો શા માટે લેવા પડેલ તેનું રહસ્ય તેમની આગવી શૈલીમાં જણાવેલ. ત્યારબાદ ક્રમે ક્રમે કૂર્મ અવતારનું રહસ્ય અને લીલાનું વર્ણન સમજાવેલ. ત્યારબાદ વરાહ અવતારની લીલાનું વર્ણન તથા ધ્રુવ ભક્તને સાવકી માતાનો ઠપકો મળેલ જેના પ્રતાપે વનમાં જઈ અઘોર તપસ્યા કરેલ અને અમરપદ પામ્યા તેનું પ્રત્યક્ષ દર્શન અને વર્ણન સમજાવેલ. ત્યારબાદ તા. ૨૩-૪-૨૦૧૧ના દિવસે કથાને આગળ લેતાં ભક્ત પ્રહલાદનો મહિમા તથા તેમના પિતા પુત્રના સંવાદમાં એક તરફ આસુરી તથા બીજી તરફ ભક્તની દેવી શક્તિનો મહિમાનાં પ્રત્યક્ષ દર્શન કરાવેલ. તદ્ ઉપરાંત નરસિંહ ભગવાનના પ્રાગટ્યનો મહિમા આગવી શૈલીમાં વિસ્તારથી સમજાવેલ. ત્યારબાદ પાંચમા અવતારમાં ભગવાન શ્રી વામનરૂપે બલી રાજાના દ્વારે ગયેલ અને બલી રાજાને ત્રણ પગલામાં વિરાટ સ્વરૂપ ધરી પાતાળમાં ચાંપ્યા તેમનો મહિમા અને વામન અવતારનું પ્રત્યક્ષ દર્શન કરાવેલ.

ત્યારબાદ પરશુરામ અવતારમાં દાનવ સહસ્ત્રાર્જુનને લોહના પીંજરમાં પુરી અને પરશુરામ અવતારનું રહસ્ય સમજાવી દાનવનો નાશ કરી એકવીસ વખત પૃથ્વી પ્રદક્ષિણા કરી ક્ષત્રિયોનો નાશ કરવા માટે પ્રતિજ્ઞાનું રહસ્ય સમજાવેલ.

કથાને આગળ લેતાં રામ અવતારમાં રામનો રાજ્યાભિષેકને બદલે ચૌદ વરસનો વનવાસ અને ભરતને રાજગાદી આપવા કૈકયી માતાના વરદાનથી દશરથ રાજાના નિર્ણયમાં ફેરફાર કરી કૈકયી માતાના બે વચનને પૂર્ણ કરવા નિર્ણય લેતાં રામ, લક્ષ્મણ વનમાં જતાં દશરથ રાજાના ચાર પુત્રોના વિયોગમાં મૃત્યુ થયેલ તેનું રહસ્ય, તેમજ રામે વનમાં જઈ કેવટ નાવિકનો ઉધ્ધાર કર્યો તેનું પ્રત્યક્ષ દર્શન કરાવેલ. ત્યારબાદ શ્રી રામ ભગવાને તેમની પરમભક્ત શબરીબાઈનો ઉધ્ધાર કર્યો. શબરીબાઈને રામાવતાર પહેલાં માતંગઋષિએ વચન આપેલ કે શબરી તું રામની પૂજા કર અને હવે રામાવતાર થવાનો છે ત્યારે તારે ઘેર રામ સ્વયં પધારશે. આ પ્રત્યક્ષ દર્શન શબરી અને રામ ભગવાનનો સંવાદનો ભાવવિભોર થઈને કથામાં રસપાન કરાવેલ. ત્યારબાદ હરિશ્ચંદ્ર રાજાની વિશ્વામિત્ર ઋષિએ સત્યની કસોટી કરવા અનેક યુક્તિઓ અજમાવેલ તેનાં પ્રત્યક્ષ દર્શન તેમની વાણીમાં સમજાવેલ. તેમજ રામ સીતાના સ્વયંવરનું રહસ્ય તથા લવ-કુશનો મહિમા તેમજ સીતા માતાજીની અગ્નિ પરિક્ષાના અંતે ધરતીમાં સમાયેલ તે વર્ણનથી સમજાવેલ. કથાને આગળ વધારાતાં શ્રી કૃષ્ણ ભગવાનનું પ્રાગટ્ય અને કૃષ્ણ ભગવાન, બાલગોવાળો, ગોપીઓની લીલાનું પ્રત્યક્ષ દર્શન વાણીથી સમજાવેલ. ત્યારબાદ માસી પુતના અને મથુરામાં મામા કંસનો વધ કર્યા તેનું સંપૂર્ણ વિગતવાર વર્ણન કરી સમજાવેલ. તેમજ શ્રી કૃષ્ણના સખા સુદામા ભક્તનું વર્ણન પ્રત્યક્ષ દર્શન કરાવેલ. ત્યારબાદ પાંડવો તેમના પરમભક્ત હતા તેમનો કૌરવો સાથે સમાધાન ન થતાં મહાભારત યુધ્ધ શ્રી કૃષ્ણ ભગવાને સાથે રહી યુધ્ધમાં પાંડવોનો વિજય અપાવ્યો, અસુરો કૌરવોનો અંત આણ્યો અને તે સમયકાળમાં ઈન્દ્રપૂજા બંધ કરાવી ગૌવર્ધન પૂજાનો મહિમા ચાલુ કરાવી વિરાટ સ્વરૂપના દર્શન કરાવેલ તેનું વર્ણન વિગતવાર સમજાવેલ.

કથાને આગળ લેતાં બુધ્ધ અવતારમાં ભગવાન બુધ્ધ પાંડવોના દ્વારે ગયા ત્યારે પાંડવો યજ્ઞ કરતા હતા તેના દ્વારપાલ ભીમસેન હતા. ભગવાન બુધ્ધે ઉપદેશ કરતાં આ યજ્ઞ જે બ્રાહ્મણોએ કરાવેલ તે બંધ કરવા જણાવેલ તેનો સંદેશો યુધિષ્ઠિરને આપવા ભીમસેનને જણાવતાં ભીમસેને આનાકાની કરેલ. પ્રત્યુત્તરમાં શ્રી બુધ્ધ ભગવાને ગીતાજીનો તમામ સાર સતોગુણ, રજોગુણ,તમોગુણનું રહસ્ય સમજાવેલ. જેથી કરી ભીમસેનનું હૃદય પીગળી જતાં બુધ્ધ ભગવાન સમક્ષ પ્રતિજ્ઞા લેતાં રાજા યુધિષ્ઠિર તથા ચારે ભાઈઓને સાથે મિલન કરતાં પાંચે પાંડવોને પરમાત્માનાં સાક્ષાત્ દર્શન કરાવ્યાં. પાંડવોને યજ્ઞ બંધ કરાવી હિમાલયમાં હાડ ગાળવા પરમપદ પામવા આદેશ આપેલ.

કથાને આગળ લેતાં યુગાવતાર યુગપુરુષ કલિયુગમાં વર્તમાન સમયથી કલિયુગના અંત સુધી ભૂતકાળ, ભવિષ્યકાળ, વર્તમાનકાળનો સમય જે ચાલી રહ્યો છે તથા થઈ ગયેલ છે તેમજ ભવિષ્યમાં થવાનું છે તે વાણીથી પ્રત્યક્ષ દર્શનરૂપે આખા નિષ્કલંકી અવતારનું રસપાન કરાવેલ અને વર્તમાન અવતારમાં યુગપુરુષ ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણની પૂજા તથા તેમના અવતરણના સ્થાન અને સંતોની આગમવાણીમાં બતાવેલ તે સંતોના ઉદાહરણ સાથે પોતાની વાણીમાં વિગતવાર છણાવટથી જણાવેલ અને શ્રી નિષ્કલંકી નારાયણ રૂપે અત્યારના વર્તમાન સમયે સ્વામી રાજા તરીકે ભરતખંડ, જાંબુદ્વીપ, કુંવારીકા ક્ષેત્ર, પંચનદી મુળ સ્થાન, વૈરાટ વામે, સાબરમતી પૂર્વ ત્રષ્ટે, ગિરમથા ગામે, પીરાણા મુકામે શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનનું હાલ સિંહાસન સ્થાપિત કરેલ છે તે કલિયુગના અંતે કુંવારીકા માતાને સ્વામી રાજા નિષ્કલંકી નારાયણ પરણશે અને અસુરોનો નાશ કરી ધર્મની સ્થાપના કરશે. આમ આ સાત દિવસની કથામાં પૂર્ણ ભક્તિભાવથી કથાને પૂર્ણવિરામ આપેલ.

આ કથાના સંયોજકો રાયણ ગામ વતી શંભુભાઈ નારણ છાભૈયા, શામજીભાઈ કેસરા છાભૈયા, સોમજીભાઈ કરશન લીંબાણી, કચ્છ સેવા સમિતિ પ્રમુખશ્રી રતનશીભાઈ લાલજી, ઉપપ્રમુખ શ્રી શામજી લધાભાઈ ધોળુ, મંત્રીશ્રી - નાનજી સોમજી રામજીયાણી, મંત્રીશ્રી - જેઠાલાલ કાનજી સેંઘાણી, મંત્રીશ્રી - હીરાલાલ વેલજી ભીમાણી.

બ્રહ્મભોજનના દાતાઓ આખા દિવસના સંપૂર્ણ :

૨૨-૪-૧૧ : ડાહ્યા ભાણજી ઉકાણી - મુંદ્રા,
૨૩-૪-૧૧ : ખીમજી રવજી વાસાણી - દુર્ગાપુર,
૨૩-૪-૧૧ : મેઘજી ગોપાલ વાસાણી - દુર્ગાપુર
૨૪-૪-૧૧ : લધાભાઈ નાનજી ધોળુ - દુર્ગાપુર વડોદરા
૨૫-૪-૧૧ : સ્વ. પૂરબાઈ માધવજી ગોરાણી - મુંબઈ
૨૬-૪-૧૧ : પી.સી. પટેલ - વડોદરા
૨૭-૪-૧૧ : સ્વ. માતુશ્રી લાછબાઈ સોમજી દાના પરિવાર - મુંબઈ (જનકપુર)
૨૮-૪-૧૧ : શીવમ રીયાલીટી - પૂના
૨૯-૪-૧૧ : કરમશી લખુભાઈ ધોળુ - ગાંધીનગર

આભાર દર્શન છગનલાલ નારણ છાભૈયા

શ્રી બાલ-બાલિકા સુસંસ્કાર શિબિર

શિબિર સ્થળ : શ્રી નાયાકાકા મહારાજ મંદિરધામ - કુકસ

શિબિર પ્રણેતા : પ.પૂ. ગાદીપતિ મહંતશ્રી શીવરામદાસજી મહારાજ. *- અરવિંદભાઈ પટેલ - કુકસ.*

શિનોર તાલુકાના કુકસ ગામે શ્રી નાયાકાકા મહારાજ મંદિરના પ.પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજની પ્રેરણાથી બાલ-બાલિકા સુસંસ્કાર શિબિરનું ભવ્ય આયોજન તા. ૭-૫-૨૦૧૧ થી ૮-૫-૨૦૧૧ના દિવસો દરમ્યાન કરેલ હતું. જેમાં પ.પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજના સાનિધ્યમાં તેમના આશીર્વાદ સહ બારગામ સમાજના પ્રમુખશ્રી ચંદ્રકાન્તભાઈ પટેલ, યુવાન કાર્યકર વિપીનભાઈ માલપુરવાળા, ટ્રસ્ટીશ્રી વિઠ્ઠલભાઈ પટેલ - કુકસના વરદ્ હસ્તે શિબિર ખુલ્લી મુકવામાં આવી. જેમાં ૧૪૮ બાલ-બાલિકાઓ તથા ૨૦ તજજ્ઞોએ શિબિરમાં ભાગ લીધેલ હતો. જેમાં સંચાલકશ્રી માર્ગીબેન પટેલના સૂચનથી ધાર્મિક સતપંથ શાસ્ત્ર વિશેનાં સૂચન સંબંધે પ.પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજે સત્સંગ અને સતપંથ ધર્મ વિશે વિસ્તૃત જ્ઞાનથી બાળકોને માહિતગાર કર્યા હતા અને શિક્ષણની સાથે આધ્યાત્મિકતાથી પરમાત્માને પામવાની દિશા સુચન કર્યું હતું. સંસ્કાર થકી જ આપણું જીવન ઉજ્જવળ બને છે. ખેતરમાંથી બિન જરૂરી ઘાસ-ઝાંખરાંને ખોદીને બહાર કાઢવામાં આવે છે અને ઉપયોગી બિયારણનું વાવેતર કરવામાં આવે છે. ત્યાર પછી તેમાં યોગ્ય પ્રમાણમાં ખાતર-પાણી આપીને પોષણ કરવામાં આવે છે. એ જ પ્રમાણે માનવજીવનમાંથી અયોગ્ય દુર્ગુણો, દોષો વગેરે હટાવવામાં આવે અને તેની જગ્યાએ સદ્‌ગુણોની પ્રતિષ્ઠા કરવામાં આવે તે જરૂરી છે. દુર્ગુણોનું નિવારણ અને સદ્‌ગુણોનું સંસ્થાપન જ આપણી સંસ્કૃતિ અને સંસ્કારનું મૂળ છે. આપણા જીવનમાં દુર્ગુણો, દુર્વિચારો અને દુઃખદાયક તત્ત્વોને રહેવા દઈએ અને હંમેશાં શુભ તત્વો, શુભ વિચારો, શુભ સદ્‌ગુણોને ધારણ કરતા રહીએ. સતપંથ ધર્મ વિશે ઉંડાણથી સમજ આપી હતી અને શિક્ષણને હરહંમેશ મહત્વ આપવા સમજાવ્યું હતું.

તા. ૯-૫-૧૧ અને ૧૦-૫-૧૧ના રોજ મહિલા અને વડીલો માટે ધ્યાનયોગ શિબિરનું આયોજન આજ સ્થળે કરવામાં આવ્યું હતું. જેમાં પ.પૂ. મહંતશ્રીએ તેમની વાણીમાં ધ્યાન ધરવા કરતાં ધ્યાન રાખવાની જરૂર વિશે દૃષ્ટાંતો સહિત લાભાર્થીઓને સુશિક્ષિત કર્યા હતા. મનુષ્યમાં વૈરાગ્યભાવ દ્વારા સંયમ કેળવવા સમજ આપી હતી.

